# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge ,Rajkot )

**એકમ-1 કમ્પ્યુટર શિક્ષણમાં પાઠ આયોજનનો વિકાસ**
**1.1 તાસ આયોજન (સંકલ્પના, સોપાનો)**
**1.2 તાસ આયોજન અને એકમ આયોજન વચ્ચેનો તફાવત**
**1.3 બ્લુપ્રિન્ટના આધારે એકમ કસોટીની રચના**

**એકમ-2 કમ્પ્યુટર શિક્ષણ પદ્ધતિ અને પાઠ પ્રયુકિતઓ (સંકલ્પના, લાભાલાભો)**
**2.1 વ્યાખ્યાન પદ્ધતિ**
**2.2 સ્વાધ્યાય પદ્ધતિ**
**2.3 નિદર્શન પદ્ધતિ**
**2.4 પ્રોજેકટ પદ્ધતિ**
**2.5 આભાસી વર્ગખંડ: સંકલ્પના અને લક્ષણો**
**2.6 ઓનલાઈન શિક્ષણ: સંકલ્પના અને લાભાલાભો**

**એકમ-3 કમ્પ્યુટર શિક્ષણ અને મૂલ્યાંકન**
**3.1 મૂલ્યાંકનની સંકલ્પના અને સિદ્ધાંતો**
**3.2 આદર્શ પ્રશ્નપત્રનાં લક્ષણો**
**3.3 વિવિધ પ્રકારના મૂલ્યાંકન પ્રશ્નો (સંકલ્પના તથા સંરચના સંદર્ભે વસ્તુલક્ષી પ્રશ્નો, ટૂંકોતરી પ્રશ્નો, નિબંધાત્મક પ્રશ્નો)**
**3.4 ક્રિયાત્મક સંશોધન: સંકલ્પના, સોપાનો, મહત્વ**

**એકમ-4 શાળા શિક્ષણ અને સામાજિક પ્રત્યાયનમાં કોમ્પ્યુટર શિક્ષણ**
**4.1 શાળા કક્ષાએ કમ્પ્યુટર લેબ (આયોજન, મહત્વ, જાળવણી)**
**4.2 કમ્પ્યુટરના માધ્યમોનો ઉપયોગ કરી બે તાસ પાઠ તૈયાર કરવા તેની સોફટકોપી બનાવવી.**
**4.3 શાળા કક્ષાએ નીચેની વિગત બનાવી અને તેને અનુલક્ષીને કમ્પ્યુટરનું સામાજિક મહત્વ સમજાવો. (શાળા/કોલેજ પરિચયની પીપીટી તૈયાર કરવી, શાળા/કોલેજની વેબસાઈટ અથવા બ્લોગ બનાવવો.)**
**4.4 સામાજિક વૈજ્ઞાનિક તરીકે વ્યકિત અભ્યાસ હાથ ધરવો (સૌરાષ્ટ્ર યુનિ.)**
**સત્યેન પિત્રોડા**
**લેરી પેજ**
**માર્ક ઝુકરબર્ગ**

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

એકમ - 1 : કમ્પ્યૂટર શિક્ષણમાં પાઠ આયોજનનો વિકાસ
1.1 તાસ આયોજન : સંકલ્પના
1.2 તાસ આયોજનનાં સોપાનો
1.3 એકમ આયોજન
1.4 તાસ આયોજન અને એકમ આયોજન વચ્ચેનો તફાવત
પ્રસ્તાવના:

આયોજન એ દરેક કાર્યની રૂપરેખાનું સૂચન કરે છે. આયોજન જેટલું સચોટ હોયકાર્ય તેટલું જ ચોકકસ થાય છે. આયોજનનાં કારણે કેટલા સમયમાં કેટલું કાર્ય કરવું તેનું અનુમાન સરળતાથી કરી શકાય છે. આથી કોઇપણ વિષયનાં પાઠ લેતા પહેલા તે અંગેઆયોજન બનાવવું :બનિવાર્ય બની રહે છે. આયોજનએ શિક્ષણ તે નવી દિશા અને ગતિનું સૂચન કરે છે અને તે અધ્યાપક માટે અધ્યાપનની તમામ શક્યતાઓ વિચારવાનો અમૂલ્ય અવસર પણ પ્રદાન કરે છે. અધ્યાપન કાર્યને સફળ અને અસરકારક બનાવવામાં આયોજન અમૂલ્ય ભાગ ભજવે છે. આથી પાઠની શરૂઆત કરતા પહેલા આયોજન બનાવવું અનિવાર્ય બની રહે છે.

1.1 તાસ આયોજન: સંકલ્પના

તાસ પાઠને છૂટા પાઠ તરીકે પણ અળખવામાં આવે છે. તાલીમાર્થીઓને વાસ્તવિક વર્ગખંડ પરિસ્થિતિમાં અધ્યાપન કરવાની તાલીમ આપવાનાં હેતુથી 35 થી 40 મિનિટ જેટલો સમય આપવામાં આવે છે. તાલીમાર્થીને એક તાસ શીખવવાનું આયોજન કરીને વાસ્તવિક વર્ગખંડ પરિસ્થિતિમાં પાઠ આપે છે. નિરિક્ષક તેનું અવલોકન કરી ગુણાંકન કરે છે અને પ્રતિપોષણ માટે અવલોકન નોંધ પણ લખે છે. શાળાઓમાં શિક્ષકોએ દરરોજ 5 થી 7 તાસનું શિક્ષણકાર્ય કરવાનું હોય છે. બધા જ તાસનું આયોજન મુશ્કેલ છે વળી અનુભવી શિક્ષકોનાં પાઠનાં વિષયવસ્તુ અને અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાનાં જાણકાર હોય છે. તેમનાં માટે દરેક તાસપાઠનું વિસ્તૃત આયોજન કરવું જરૂરી નથી તેથી શાળાઓમાં શિક્ષકો તેમની દૈનિક આયોજન નોંધમાં તાસદીઠ 4-5 લાઈનમાં શિક્ષણકાર્ય અંગે સંક્ષિપ્ત આયોજન તૈયાર કરે છે. તાલીમી 3 કોલેજોમાં તાલીમ . લઇ રહેલા તાલીમાર્થીઓએ તાસ લેતા પહેલા પાઠનું વિસ્તૃત આયોજન કરવું આવશ્યક બની રહે છે. તે કાર્યમાં તેમનાં વિષય અધ્યાપક તેમને માર્ગદર્શન આપે છે.

'પાઠ આયોજન એ અધ્યેતા દ્વારા કયા સામાન્ય અને વિશિષ્ટ ઉદેશોનું કયા વિશિષ્ટ સાધનો દ્વારા તે ઉદેશો સિધ્ધ કરવામાં આવશે, તે સહિતનું સુગ્રથિત નિવેદન -બોર્સિંગ

'પાઠ આયોજન એ શિક્ષક વર્ગખંડમાં જે અનુભવ આપવાનું આયોજન કરે છે, તે અંગેનો તેનો માનસિક અને ભાવાત્મક દષ્ટિપાત છે." - લેસ્ટરા બી. સેન્ડઝ તાસપાઠનાં આયોજનમાં સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ, સંદર્ભ સાહિત્ય, શૈક્ષણિક ઉપકરણો, અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા અને શ્યામફલક નોંધ, મૂલ્યાંકન તથા સ્વાધ્યાયની યોજના તૈયાર કરીને નોંધેલ હોય છે.

1.2 તાસ આયોજનનાં સોપાનો

તાસ આયોજનનાં સોપાનોમાં મુખ્યત્વે પાંચ સોપાનોનો સમાવેશ થાય છે. આ સોપાનો હર્બટની પંચપદીનાં નામે પ્રચલિત થયેલ છે.

પૂર્વતૈયારી
સ્વાધ્યાય
હેતુકથન
મૂલ્યાંકન
વિષય નિરૂપણ

**પૂર્વતૈયારી:**

પાઠ શરૂ કરતા પહેલા કરવામાં આવતી દરેક પ્રક્રિયાઓનો સમાવેશ પૂર્વતૈયારીમાં કરવામાં આવે છે. પૂર્વતૈયારીમાં પાઠ આયોજન, વિષયવસ્તુની સમજૂતી આપવા માટે તૈયાર કરવામાં આવેલ તમામ ઉપકરણો તેમજ પાઠ શરૂ કરતા પહેલા કરવામાં આવતી પ્રશ્નોતરીનો પણ સમાવેશ થાય છે. વર્ગખંડમાં પ્રવેશ કરતાની સાથે જ શિક્ષક વર્ગ વ્યવસ્થા તપાસી વિધાર્થીઓને પોતાનાં વિષયવસ્તુને અનુરૂપ એવા પ્રશ્નો પુછે છે જેને પૂર્વ જ્ઞાનની ચકાસણી તરીકે પણ ઓળખવામાં આવે છે. પૂર્વજ્ઞાનની ચકાસણી કરવાથી વિધાર્થીઓને અધ્યાપનનાં વિષયવસ્તુ સાથે સરળતાથી જોડી શકાય છે. જેથી વિધાર્થીઓ વિષયાંગ પ્રત્યે અભિમુખ બને છે અને અસરકારક

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

શિક્ષણકાર્ય શક્ય બને છે. આમ પૂર્વતૈયારીમાં વિષયાભિમુખ માટે ઉપયોગમાં લીધેલ પ્રયુકિતઓનો પણ સમાવેશ કરવામાં આવે છે.

**હેતુકથન :**

વિષયાભિમુખ કર્યા બાદ વિધાર્થીઓને તેઓ તાસ દરમ્યાન શું શીખશે તેની માહિતી આપવામાં આવે છે. નવી બાબત શીખવતા પહેલા કે કોઈ કાર્યની શરૂઆત કરતી વખતે તે કાર્ય શા માટે કરવામાં આવે છે તેની જાણ કરવામાં આવે તો શીખનાર વિધાર્થીઓ તેનાં પ્રત્યે વધુ અભિમુખ થાય છે અને કાર્ય કરવા માટે ઉત્સાહી બને છે. પાઠ શરૂ કરતા પહેલા વિધાર્થીઓને તેનો હેતુ કહેવામાં આવે છે આ પ્રક્રિયાને હેતુકથન તરીકે ઓળખવામાં આવે છે.

**વિષય નિરૂપણ :**

વિષયવસ્તુ નિરૂપણએ સમગ્ર પાઠનું હાર્દ છે. આ તબક્કામાં વિધાર્થીઓ સમક્ષવિષયવસ્તુની સમગ્ર માહિતીની રજુઆત કરવામાં આવે છે. હેતુકથનનાં તબક્કામાં કહેલ દરેક હેતુઓ આ તબક્કામાં પૂર્ણ કરવામાં આવે છે. દરેક વિષયવસ્તુનાં મુદાઓને સમજાવવા માટે શિક્ષક વિવિધ પધ્ધતિ અને પ્રયુકિતઓનો તેમજ ઉપકરણોનો પણ ઉપયોગ કરવામાં આવે છે. આ સોપાન દરમ્યાન શિક્ષક - વિધાર્થીઓ બંને કાર્યરત હોય છે.

**મૂલ્યાંકન :** મૂલ્યાંકનનો એટલે જે શીખ્યા તેનું માપન. આ તબક્કામાં શિક્ષક વિધાર્થીઓ કેટલા પ્રમાણમાં વિષયવસ્તુને સમજી શક્યા તેનુ માપન કરે છે. વિધાર્થીઓને હેતુલક્ષી અને ટૂંકાપ્રશ્નો પુછી તેઓએ પ્રાપ્ત કરેલ જ્ઞાનની ચકાસણી કરે છે. આવા પ્રશ્નો પાઠ દરમ્યાન શીખવેલ વિષયવસ્તુની બહારનાં ન હોય તેની ખાસ કાળજી રાખવી જોઈએ. આ તબક્કામાં પુછવામાં આવેલ પ્રશ્નોનાં જવાબો વિધાર્થીઓને નોંધપોથીમાં નોંધાવવામાં પણ આવે છે.

**સ્વાધ્યાય :**

સમગ્ર તાસ દરમ્યાન શીખવવામાં આવેલ વિષયવસ્તુનું દ્ઢીકરણ થાય અને તે દિર્ઘકાલીન સમય સુધી વિધાર્થીઓને યાદ રહે તે માટે સ્વાધ્યાય કે ગૃહકાર્ય આપવામાં આવે છે. આ સ્વધ્યાયની નોંધ શિક્ષક પોતાનાં પાઠ આયોજનમાં કરે છે તેમજ વિધાર્થીઓ પોતાની નોંધપોથીમાં નોંધ કરે છે.

**1.3 એકમ આયોજન**

**એકમનો અર્થ:**

એકમ આયોજન સમજતા પહેલા એકમ એટલે શુ? તે સમજવું જરૂરી બની રહેછે. એકમ એટલે એકથી વધુ વિષયવસ્તુઓનાં મુદ્દાઓનું સંકલન. એકમનાં અર્થ પરથી જ ખ્યાલ આવે છે કે એકમ આયોજનમાં ફકત એક જ વિષયવસ્તુનાં મુદા પર એક જ તાસનું આયોજન નથી પરંતુ એક જ વિષયવસ્તુનાં અનેક મુદાઓ માટે એકથી વધુ તાસનું સંકલન છે. કાર્ટર એકમની વ્યાખ્યા નીચે મુજબ આપે છેઃ

'એકમનું વસ્તુ સંગ્રથિત હોય, શિક્ષણપ્રદ હોય, સ્વયંસંપૂર્ણ હોય અને શૈક્ષણિક પ્રવૃતિઓ, અનુભવો અને અધ્યયનનાં પ્રકારોનું સંકલન કોઈ કેન્દ્રિય વિષય, સમસ્યા કે હેતુની આસપાસ થતું હોય. એકમ શબ્દનાં અર્થમાં આયોજન, આયોજનનો અમલ અનેમૂલ્યાંકન વગેરે પણ સમાયેલાં છે."

'એકમ એટલે સમાન કક્ષાવાળા અનુભવોનું સંકલન.'

**એકમ આયોજનની સંકલ્પનાઃ**

જયારે વર્ગખંડમાં કોઈ શિક્ષક તાસ દરમ્યાન વિષયવસ્તુની સમજુતી આપે છે ત્યારે તે દરેક તાસની ટુંકી વિગતો તે પોતાની દૈનિક આયોજન નોંધપોથીમાં નોંધે છે કારણકે તેને દિવસ દરમ્યાન છ જેટલા તાસ લેવાનાં થતા હોય છે. આજ બાબત જયારે તાલીમાર્થીઓને શીખવવી હોય ત્યારે તેઓને કોઈ એક જ એકમનાં મુદાઓને તેનાં હેતુઓને અનુરૂપ એકથી વધુ તાસમાં વર્ગીકૃત કરી શીખવવા માટેનાં તાલીમ સ્વરૂપે એકમ આયોજન કરાવવામાં આવે

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

છે. એકમ આયોજન કરતી વખતે તાલીમાર્થીઓએ 35 થી 40 મીનીટનાં તાસનું આયોજન એકથી વધુ દિવસો માટે કરવાનું રહે છે. વિષયવસ્તુ 4 દિવસમાં પૂર્ણ કરી પાંચમાં અને અંતિમ દિવસે સમગ્ર વિષયવસ્તુને અનુરૂપ મૂલ્યાંકન કસોટી લેવામાં આવે છે. આ મૂલ્યાંકન કસોટીનું પ્રશ્નપત્ર તાલીમાર્થીઓએ બ્લેપ્રીન્ટનો ઉપયોગ કરી બનાવવાનું રહે છે. કસોટી લીધા બાદ અંતમાં આવેલ પરીણામની નોંધ પણ પોતાની નોંધ પોથીમાં કરવાની રહે છે તેમજ ત્યાર બાદ કચાશ રહી ગયેલ મુદાઓનું ફરી આયોજન કરી ઉપચારાત્મક તાસ આપવાનો રહે છે. આ રીતે સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ એકએકમ આયોજનનું તાલીમાર્થી પૂર્ણ કરે છે. સમગ્ર તાલીમી સમયગાળા દરમ્યાન બે થી ચાર એકમ આયોજનો તાલીમાર્થીઓએ બનાવવાનાં રહે છે જેથી ભવિષ્યમાં શિલ્ક તરીકેની કામગીરી તેઓ સરળતાથી કરી શકે.

1.4 **તાસ આયોજન અને એકમ આયોજન વચ્ચેનો તફાવત**

| ક્રમ | તાસ આયોજન | એકમ આયોજન |
|---|---|---|
| 1 | તાસ આયોજન કોઈ એક વિષયવસ્તુનાં મુદાને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવે છે. | એકમ આયોજન એકમનાં એકથી વધુ મુદાઓને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવે છે. |
| 2 | તાસ આયોજનનો સમયગાળો 35 થી 40 મિનિટનો હોય છે. | એકમ આયોજન 4 થી 6 તાસનું કરવામાં આવે છે. |
| 3 | તાસ આયોજનમાં ક્રમિકતા તેમજ એકસૂત્રતા જળવાતી નથી. | એકમ આયોજનમાં ક્રમિકતા તેમજ એકસૂત્રતા જળવાય રહે છે. |
| 4 | તાસ આયોજનમાં મર્યાદિત સાધનો અને સમયગાળો ખૂબ ટુંકો હોય છે. | એકમ આયોજન દરમ્યાન સમય વધુ હોવાથી સાધનોનો અસરકારક ઉપયોગ શક્ય બને છે. |
| 5 | વિષયવસ્તુની ઉંડાણપૂર્વક ચર્ચા શકય નથી. | વિગતવાર ચર્ચા કરવા માટેની ઉતમ તક મળી રહે છે. |
| 6 | તાસ બાદ આંશિક મૂલ્યાંકન શકય છે. | એક તાસમાં પણ સંપૂર્ણ મૂલ્યાંકન શક્ય છે. |
| 7 | તાસ માટે સ્વતંત્ર આયોજનો તૈયાર કરવાનાં હોય છે. | 4 થી 6 તાસનું સળંગ આયોજન શકય છે. |
| 8 | વિધાર્થીઓ દરેક તાસમાં બદલતા રહેતા હોવાથી તેમનાં સાથે સંબંધો કેળવાતા નથી. | અસરકારક વર્ગવ્યવહાર દ્વારા સરળતાથી વિધાર્થીઓ સાથે સંબંધો કેળવી શકાય છે. |
| 9 | તાસ આયોજનમાં માઇક્રો અને સેતુ આયોજનનો સમાવેશ થાય છે. | એકમ આયોજનમાં માઇક્રો, સેતુ, તાસ તમામનો સમાવેશ થાય છે. |
| 10 | તાસ એ એકમ આયોજનની પૂર્વ તૈયારી છે. | એકમ એ સંપૂર્ણ આયોજનોનો અંતિમ લક્ષ્ય છે. |

**એકમ - 2 : બ્લુ પ્રિન્ટની રચના**
**2.1 બ્લુપ્રિન્ટની રચના અને તેના કોષ્ટકના નમૂના**
**2.2 બ્લુપ્રિન્ટ આધારિત પેપરની રચના**
**2.3 બ્લુપ્રિન્ટ આધારિત પેપરની રચનાનો નમૂનો**
**પ્રસ્તાવના:**
આદર્શ પ્રશ્નપત્રની રચના કરવા માટે બ્લુપ્રિન્ટ એ પાયાની બાબત બની રહે છે.બ્લુપ્રિન્ટ એ પ્રશ્નપત્રની રચના માટે નકશાનું કાર્ય કરે છે. જેમ કોઈ નિશ્ચિત સ્થાન સુધી પહોંચવા માટે નકશો માર્ગદર્શન પુરુ પાડે છે તેવી જ રીતે મૂલ્યાંકન કરવા માટેનાંપ્રશ્નપત્રની રચના માટે બ્લુપ્રિન્ટ પથદર્શક બની રહે છે. બ્લુપ્રિન્ટ જેટલી સારી હોય પ્રશ્નપત્ર

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

એટલુ જ સારુ બનાવી શકાય છે. આથી આદર્શ પ્રશ્નપત્ર બનાવતી વખતે બ્લુપ્રિન્ટ ધ્યાનમાં રાખવી ખૂબ જ જરૂરી છે.

**2.1 બ્લુપ્રિન્ટની રચના અને તેના કોષ્ટકનાં નમૂના**

બ્લુપ્રિન્ટ તૈયાર થયા બાદ તેને અનુસરીને જ શિક્ષકે પ્રશ્નપત્રની રચના કરવાનીહોવાથી તેની રચના કરવા માટે ખૂબ જ તકેદારી લેવી જોઇએ. બ્લુપ્રિન્ટની રચના એકજ વાર કરવાની રહે છે અને ત્યારબાદ તેનાં આધારે એકથી વધુ પ્રશ્નપત્રો વર્ષોનાં વર્ષો બનાવી શકાય છે. બ્લુપ્રિન્ટની રચના માટે કુલ સાત તબક્કાઓ અનુસરવામાં આવે છે. દરેક તબક્કામાં વિષયવસ્તુને લગતી નાનામાં નાની બાબતને ઝીણવટથી દર્શાવવામાં આવેલ છે. દરેક તબક્કા અનુસારની માહિતી નીચે મુજબ આકૃતિ દ્વારા કરવામાં આવી છે.

બ્લુપ્રિન્ટ રચનાનાં સોપાનો

- વિષયવસ્તુના મુદ્દાઓ પરનો ગુણભાર
- ગુણાંકન યોજના
- હેતુઓ પરનો ગુણભાર
- પ્રશ્નપત્રનું પ્રશ્નવાર પૃથક્કરણ
- પ્રશ્ન સ્વરૂપ પરનો ગુણભાર
- પ્રશ્નપત્રની રચના

**વિષયવસ્તુનાં મુદાઓ પરનો ગુણભાર**

મુખ્ય વિષયવસ્તુનાં મુદાઓને તેનાં પેટા એકમોનાં આધારે વર્ગીકૃત કરવામાં આવે છે. સોપાનમાં વર્ગીકૃત કરેલ મુદાઓને આધારે તેને ગુણભાર આપવામાં આવે છે.

| ક્રમ | વિષયવસ્તુનાં મુદાઓ | ગુણભાર | ટકા |
|---|---|---|---|
| 1 | | | |
| 2 | | | |
| 3 | | | |
| | | કુલ | 100 ટકા |

**હેતુઓ પ્રમાણે ગુણભારની ફાળવણી**

હેતુઓનાં આધારે ગુણભાર આપતી વખતે 4 હેતુઓનું માપન થતું હોય છે. દરેક હેતુ અંગેની માહિતી નીચે મુજબ છે.

* જ્ઞાન

કમ્પ્યુટર વિષયનાં ઇતિહાસ સંબંધિત સમયગાળાઓ, પ્રકારો જેવી બાબતોનો સમાવેશ જ્ઞાન સંબંધિત પ્રશ્નોમાં થતો હોય છે. ક્યારે, ક્યાં, કેટલા, કોણ આવા પ્રકાર નાં પ્રશ્નોને જ્ઞાન સંબંધિત પ્રશ્નો કહે છે. આવા પ્રશ્નોનાં ઉતરો એક-બે શબ્દોમાં જ મળી રહે છે. દા.ત., કમ્પ્યુટરની સૌપ્રથમ રચના કોટે કરી હતી?

* સમજ

કોઈપ્રક્રિયા, કારણ, તફાવત કે કાર્યકારણ સંબંધ દર્શાવતા પ્રશ્નોને સમજ આધારિત પ્રશ્નો કહે છે. આવા પ્રશ્નો સામાન્ય રીતે વિષયવસ્તુ વિદ્યાર્થીઓ કેટલી સારી રીતેસમજયા છે તેની ચકાસણી કરવા માટે પુછવામાં આવતા હોય છે. આવા પ્રશ્નોમાં આકૃતિ પરથી અર્થઘટન, ચાર્ટની સમજૂતી જેવા પ્રશ્નોનો પણ સમાવેશ થતો જોવા મળે છે. જ્ઞાન પ્રકારનાં પ્રશ્નો કરતા આવા પ્રશ્નોનાં ઉતરો પ્રમાણમાં લાંબા હોય છે.

દા.ત., તફાવત આપો: પ્રથમ પેઢીનાં કમ્પ્યુટર અને બીજી પેઢીનાં કમ્પ્યુટર

* ઉપયોજન

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

જયારે કોઇ વિષયવસ્તુ સમજાવવામાં આવે ત્યારે તેમાં જ્ઞાન, સમજની સાથોસાથ તેનાં ઉપયોજનનાં હેતુનો પણ સમાવેશ થતો હોય છે. ઉપયોજનનો સામાન્ય અર્થ ઉપયોગ એવો કરી શકાય. જ્ઞાનનું નવીન પરિસ્થિતિમાં કઇ રીતે ઉપયોજન કરવું એ બાબત પણવિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે. દા.ત., નોટપેડનો ઉપયોગ શા માટે કરી શકાય?

* કૌશલ્ય
કૌશલ્યનાં પ્રશ્નો વિદ્યાર્થીને સૈદ્ધાંતિક જ્ઞાન વ્યવહારમાં અમલમાં મુકવાનો અનુભવ પુરો પાડે છે. વિદ્યાર્થીઓમાં કમ્પ્યુટરને લગતા વિવિધ સાધનોનો ઉપયોગ કરવા માટેનું કૌશલ્ય વિકસાવવામાં આવે છે. આવા પ્રકારનાં પ્રશ્નોને પ્રેકટીકલ પણ કહીશકાય જેના ઉતરો વ્યવહારુ સ્વરૂપે વધુ શકય બને છે. દા.ત., કોમ્પ્યુટરનો ઉપયોગ કરી ટાઇમટેબલ બનાવો.

| ક્રમ | હેતુઓ | ગુણભાર | ટકા |
|---|---|---|---|
| 1 | જ્ઞાન | | |
| 2 | સમજ | | |
| 3 | ઉપયોજન | | |
| 4 | કૌશલ્ય | | |
| | | કુલ | 100 ટકા |

**પ્રશ્ન સ્વરૂપનો ગુણભાર**
પ્રશ્નોનાં પ્રકાર અને ઉતરનાં આધારે પ્રશ્નોનાં સ્વરૂપો નીચે મુજબ છે:
નિબંધાત્મ પ્રશ્નો ટૂંકજવાબી પ્રશ્નો અનાત્મલક્ષી પ્રશ્નો

* નિબંધાત્મક પ્રશ્નો
નિબંધાત્મક પ્રશ્નો વિદ્યાર્થીઓની સમજ ચકાવસા માટે પૂછવામાં આવતા હોય છે. પ્રશ્નોનાં ઉતરો પ્રમાણમાં લાંબા હોય છે અને વિદ્યાર્થીઓએ પોતાની સમજનાં આધારે લખવામાં આવતા હોવાથી તેમાં આત્મલક્ષીતા પણ જોવા મળે છે. પ્રશ્નોમાં સમજાવો, ચર્ચા કરો, તુલના કરો, સમીક્ષા કરો, કાર્યકારણ સંબંધ સમજાવો વગેરે જેવા શબ્દપ્રયોગો થતા જોવા મળે છે. દા.ત., પ્રિન્ટરનાં પ્રકારો પર ટૂંકનોધ લખો.

* ટૂંકજવાબી પ્રશ્નો
ટૂંકજવાબી પ્રશ્નો નિબંધાત્મક પ્રશ્નો કરતા પ્રમાણમાં સરળ અને ટૂંકા હોય છે. પ્રશ્નોનાં ઉતરો ટૂંકા, ચોકકસ અને અપેક્ષિત માહિતીવાળા હોય છે. પ્રશ્નોનાં ઉતરોમાં આત્મલક્ષીતાનું પ્રમાણ ઓછુ હોવાથી તેની વિશ્વસનીયતા અને સત્યનાં મૂલ્યો વધુ ઉંચા હોય છે. સામાન્ય રીતે પ્રશ્નોમાં ઉદાહરણ આપો, વર્ગીકરણ કરો, દર્શાવો, જણાવો, કારણ આપો, સ્પષ્ટ જણાવો વગેરે જેવા શબ્દપ્રયોગો થતા જોવા મળે છે. દા.ત., મોધરબોર્ડની રચના આકૃતિસહ દર્શાવો.

* અનાત્મલક્ષી પ્રશ્નો
અનાત્મલક્ષી પ્રશ્નો વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલ જ્ઞાનની ચકાલણી કરતા હોય છે.પ્રશ્નો ખૂબ જ નાના હોય છે જેનાં ઉતરો એક કે બે શબ્દોમાં મળી જતા હોય છે. વિદ્યાર્થીએકમનાં હેતુઓને અનુસરી કેટલી સમજૂતી મેળવી શકયા છે અને હેતુ સિદ્ધ થયો છે કે નહી તે જાણવા માટે પ્રશ્નો પુછાતા હોવાથી તેને હેતુલક્ષી પ્રશ્નો તરીકે પણ ઓળખવામાં આવે છે. સૌથી વધુ ચોકકસ, સ્પષ્ટ, ઉચ્ચ વિશ્વસનીયતાવાળા તેમજ વિષયવસ્તુની ઉંડી સમજ માપનારા પ્રશ્નો એટલે અનાત્મલક્ષી પ્રશ્નો.
બહુવિકલ્પ
(ખાલી જગ્યા પૂર્તિ પ્રકારનાં પ્રશ્નો

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

(વિધાનો ખરા-ખોટા પ્રકારનાં પ્રશ્નો
જોડકા જોડો
(યોગ્યક્રમમાં ગોઠવણી પ્રકારનાં પ્રશ્નો
સંબંધ જોડો પ્રકારનાં પ્રશ્નો
ઉપરોકત પ્રશ્ન સ્વરૂપોનાં આધારે ગુણભારની ફાઈવણી દર્શાવતું ટેબલ નીચે મુજબ છેઃ

| **ક્રમ** | **પ્રશ્નનું સ્વરૂપ** | **ગુણભાર** | **ટકા** |
|---|---|---|---|
| 1 | નિબંધાત્મક પ્રશ્નો | | |
| 2 | ટૂંક જવાબી પ્રશ્નો | | |
| 3 | અનાત્મલક્ષી પ્રશ્નો | | |
| | | **કુલ** | **100 ટકા** |

* ત્રિપરિમાણદર્શક કોઠો

ઉપરના તમામ કોષ્ટકોની વિગતો સમાવિષ્ટ કરી આ ત્રિપરિમાણદર્શક કોષ્ટક તૈયાર કરવામાં આવે છે. આ કોઠાને ત્રિપરીમાણદર્શક એટલે કહે છે કારણકે, તેમાં વિષયવસ્તુ, હેતુ, પ્રશ્નપ્રકાર આ ત્રણ પરીમાણો ધ્યાનમાં લઇ તૈયાર કરવામાં આવે છે. આ કોઠામાં ઉપરોકત ત્રણેય કોષ્ટકોનો સમાવેશ થતો હોવાથી તે સમજવામાં થોડો અઘરો બને છે જેથી અલગ અલય ઉપરોક્ત કોષ્ટકો બનાવી અંતે ત્રિપરીમાણદર્શક કોઠો બનાવવામાં આવે છે. આ કોઠાનાં આધારે જ બ્લુપ્રિન્ટ તૈયાર થાય છે.

| હેતુઓ | જ્ઞાન | | | સમજ | | | ઉપયોજન | | | કૌશલ્ય | | | પ્રશ્નો સંખ્યા (માર્ક) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રશ્નો | E | S | O | E | S | O | E | S | O | E | S | O | |
| સ્વરૂપો | નિ. | ટૂં. | અ. | નિ. | ટૂં. | અ. | નિ. | ટૂં. | અ. | નિ. | ટૂં. | અ. | |
| 1 | | | | | | | | | | | | | |
| 2 | | | | | | | | | | | | | |
| 3 | | | | | | | | | | | | | |
| 4 | | | | | | | | | | | | | |
| કુલ | | | | | | | | | | | | | |
| તારીખ | | | | | | | અધ્યાપકની સહીઃ | | | | | | |

આ કોષ્ટક બનાવતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો નીચે મુજબ છેઃ નિ. એટલે નિબંધાત્મક પ્રશ્નો, ટૂં. એટલે ટુંક જવાબી પ્રશ્નો, અ. એટલે અનાત્મલક્ષી પ્રશ્નો આ તમામનાં ટૂંકા રૂપોને અંગ્રેજીમાં પણ દર્શાવવામાં આવે છે.
દરેક પ્રશ્ન પ્રકાર અને પેટા એકમ મુજબ કોષ્ટકમાં ફક્ત નંબર જ લખવામાં આવે છે.
દરેક પેટા એકમની સામે તેમાંથી તૈયાર કરેલ પ્રશ્ન કયા સ્વરૂપનો અને કયા પ્રકારનો છે તેનાં આધારે તેની સામે આપેલ ખાનામાં નંબર લખવામાં આવે છે. દા.ત., પેટા એકમ 1 માંથી ઉપયોજન ને લગતા બે ટુંક જવાબી પ્રશ્નો પુછવામાં આવ્યા હોય તો ઉપયોજનનાં કોલમમાં ટૂં. નાં સેલમાં ૨ લખવામાં આવે છે.
દરેક ખાનામાં પ્રશ્નની સંખ્યા સાથે તેનાં ગુણ પણ દર્શાવવામાં આવે છે.
પ્રશ્નની સંખ્યા અને ગુણ સમાન ન લાગે તે માટે કૌંસનો ઉપયોગ કરવામાં આવે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

કૌસમાં પ્રશ્નોની સંખ્યા અને કૌસ બહાર તેનાં ગુણો દર્શાવવામાં આવે છે. દા.ત., પેટા એકમ 1 માંથી ઉપયોજન ને લગતા બે ટુંક જવાબી પ્રશ્નો 6 ગુણનાં પુછવામાં આવ્યા હોય તો ઉપયોજનનાં કોલમમાં ટું. નાં સેલમાં 6(2) લખવામાં આવે છે. 6(2) નો અર્થ એવો થાય છે કે 6 ગુણ નાં ૨ પ્રશ્નો પુછવામાં આવ્યા છે.

**પ્રશ્નપત્રની રચના**

ત્રિપરિમાણદર્શક સારણીની રચના કર્યા બાદ તે સારણીને આધારે પ્રશ્નપત્રની રચના કરવામાં આવે છે. પ્રશ્નપત્ર બનાવતી વખતે દરેક પેટા એકમમાંથી સમાન રીતે દરેક પ્રકારનાં અને દરેક હેતુઓને અનુરૂપ પ્રશ્નો તૈયાર થાય તે બાબતની ખાસ કાળજીલેવી જોઈએ. એક પેટા એકમમાંથી પ્રશ્નો તૈયાર કર્યા બાદ તેની નોંધ સારણીમાં થતા જ ખ્યાલ આવશે કે કોઈ એક પ્રકારનાં પ્રશ્નો વધુ પ્રમાણમાં તો નથી થયાને? જો એવું થયું હોય તો થોડા પ્રશ્નો રદ પણ કરવા પડે છે. આથી પ્રશ્નપત્ર તૈયાર કરતી વખતે નીયત પ્રશ્નો કરતા વધુ સંખ્યામાં પ્રશ્નો તૈયાર કરવા વધુ હીતાવહ રહે છે જેથી પ્રશ્નો રદ થાય કે પ્રશ્નોની ઘટ થાય તો મુશ્કેલી ન સર્જાય. પ્રશ્નપત્ર તૈયાર કરતી વખતે જરૂર પડે તો અન્ય શિક્ષકની મદદ લઈ શકાય છે.

* પ્રશ્નપત્રનું પ્રશ્નવાર પૃથક્કરણ

પ્રશ્નપત્રનાં પ્રશ્નવાર પૃથક્કરણથી જે તે પ્રશ્ન કયા પેટા એકમમાંથી અને કયા હેતુને અનુલક્ષીને પુછવામાં આવ્યો છે તેની સ્પષ્ટ માહિતી શાબ્દિક સ્વરૂપે દર્શાવવામાં આવે છે. જેથી સારણીમાં લખતી વખતે જો કોઇ ખામી રહી હોય તો આ કોષ્ટકનાં આધારે તે દૂર કરી શકાય છે.

| પ્રશ્ન ક્રમ | હેતુ | અપેક્ષિત વર્તન પરિવર્તન | પેટા એકમ | પ્રશ્નનું સ્વરૂપ | ગુણ | સમય (મિનિટ) |
|---|---|---|---|---|---|---|
| 1 | | | | | | |
| 2 | | | | | | |
| 3 | | | | | | |
| 4 | | | | | | |

ઉપરોકત કોષ્ટકનાં આધારે વિદ્યાર્થીઓએ કેટલા પ્રકારનાં પ્રશ્નો કેટલા સમયમાંલખવાનાં થશે તેની માહિતી શિક્ષક મેળવી શકે છે. જો પ્રશ્નો વધુ અને સમય ઓછો હોય તો શિક્ષક આ તબકકે પોતાનાં પ્રશ્નપત્રને સુધારી શકે છે.

* ગુણાંકન યોજના

પ્રશ્નપત્રની રચનાની સાથે શિક્ષકનું કાર્ય પૂર્ણ થતું નથી. પ્રશ્નપત્રનાં ઉતરો આવ્યા બાદ તે ઉતરવહીઓને તપાસવા માટે પણ શિક્ષકે પ્રશ્નવાર ગુણાંકન યોજના તૈયાર કરવાની રહે છે.

| પ્રશ્ન ક્રમ | અપેક્ષિત ઉતર | મુદ્દાઓ પ્રમાણે ગુણભારની ફાળવણી | કુલ ગુણ |
|---|---|---|---|
| 1 | | | |
| 2 | | | |
| 3 | | | |

**ત્રિપરિમાણદર્શક કોઠો :**ઉપરના ત્રણેય કોઠાને આધારે ત્રિપરિમાણદર્શક કોઠાની રચના કરી શકાય છે. આમ તે ત્રણેય કોઠાને જોડતો કોઠો છે. ત્રણેય પરિમાણોને ધ્યાનમાં રાખીને આ કોઠાની રચના કરવામાં આવે છે, તેથી તેને ત્રિપરિમાણદર્શક કોઠો કે બ્લ્યૂ પ્રિન્ટ કહેવામાં આવે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

**ત્રિપરિમાણદર્શક કોઠો**

| ક્રમ | હેતુઓ | | જ્ઞાન | | | સમજ | | | ઉપયોજન | | | કૌશલ્ય | | | કુલ | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પેટા એકમ | પ્રશ્ન ના પ્રકાર | E | S | O | E | S | O | E | S | O | E | S | O | E | S | O | |
| 1. | કમ્પ્યુટરનો અર્થ | | - | | 2 (2) | - | - | | | | 4 (4) | | | | - | - | 6 (6) | **6 (6)** |
| 2 | કમ્પ્યુટરનો ઈતિહાસ | | 5 (1) | | 2 (2) | - | - | 3 (3) | | 4 (2) | | | | | 5 (1) | 4 (2) | 5 (5) | **14 (8)** |
| 3 | કમ્પ્યુટરનો ઉપયોગ | | - | - | - | - | - | | | | 3 (3) | | 2 (1) | | | 2 (1) | 3 (3) | **5 (4)** |
| | કુલ | | 5 (1) | | 4 (4) | - | - | 3 (3) | | 4 (2) | 7 (7) | | 2 (1) | | **5 (1)** | **6 (3)** | **14 (14)** | **25 (18)** |
| | કુલપ્રશ્ન કુલ ગુણ | | **9(5)** | | | **3(3)** | | | **11(9)** | | | **2(1)** | | | **25(18)** | | | **25 (18)** |

☆ **() અંદર આપેલ આંક પ્રશ્નની સંખ્યા દર્શાવે છે () બહાર આપેલ  આંક ગુણ દર્શાવે છે**

**એકમ - 3 : કમ્પ્યુટર શિક્ષણની પદ્ધતિઓ**

**3.1 વ્યાખ્યાન પદ્ધતિ**

**3.2 સ્વાધ્યાય પદ્ધતિ**

**3.3 નિદર્શન પદ્ધતિ**

**3.4 પ્રોજેક્ટ પદ્ધતિ**

**પ્રસ્તાવના :**

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

અધ્યાપન કાર્ય કરતી વખતે શિક્ષકે કોઈને કોઈ પદ્ધતિનો ઉપયોગ કરવો જ પડે છે. અસરકારક અધ્યાપન કાર્ય માટે શિક્ષણની પદ્ધતિ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. શિક્ષકે કયા વય કક્ષાનાં વિદ્યાર્થીઓને અધ્યાપન કરાવવાનું છે, તે વિદ્યાર્થીઓની પરીપકવતા, વિષયવસ્તુ અને કક્ષાને ધ્યાનમાં રાખી અધ્યાપન પદ્ધતિની પસંદગી કરવાની હોય છે. યોગ્ય પદ્ધતિ વિદ્યાર્થીઓની સમજૂતીને મદદરૂપ બની રહે છે અને જો પદ્ધતિ યોગ્ય ન હોય તો સરળ વિષયવસ્તુ પણ વિદ્યાર્થીઓ માટે અઘરી બની જાય છે. કમ્પ્યુટર જેવા પ્રાયોગિક અને વ્યવહારુ વિષયનાં અધ્યાપન માટે કઈ પદ્ધતિનો ઉપયોગ કરી શકાય તે આપણે સમજીશું.

**3.1 વ્યાખ્યાન પદ્ધતિ**

**અર્થ**

વ્યાખ્યાનનો શબ્દનો સામાન્ય અર્થ થાય છે વ્યવસ્થિત સમજૂતિ કે શાબ્દિક સમજૂતિ. વ્યાખ્યાન પદ્ધતિને પ્રવચન પદ્ધતિ તરીકે પણ ઓળખવામાં આવે છે.

પ્રવચન એટલે કોઈ ઘટના કે વસ્તુનાં સંદર્ભમાં તેનું વિવરણ.

આ પદ્ધતિનો ઉપયોગ શિક્ષકો સામાન્ય રીતે વર્ગખંડમાં વધુ પ્રમાણમાં કરતાં જોવા મળે આ પદ્ધતિ દ્વારા વિવિધ સૈદ્ધાંતિક બાબતો કે શબ્દોની સમજૂતિ આપવામાં આવતી હોય છે. આ પદ્ધતિમાં ફક્ત એક જ વ્યકિત બોલે છે અને બધા સાંભળે છે તેથી દ્વિધ્રુવી પ્રક્રિયા ન હોવાને કારણે તે સાંભળનાર માટે કંટાળારૂપ બની રહે છે.

આ પદ્ધતિનો ઉપયોગ કરતી વખતે શિક્ષક ફકત કથન કરી વિષયવસ્તુની સમજૂતી આપવામાં આવે છે. જેથી જ્ઞાનાત્મક હેતુ જ સિદ્ધથતા હોય છે જેથી શિક્ષણનાં અન્ય હેતુઓ સિદ્ધથતા નથી.

**ફાયદા**

- સૈદ્ધાંતિક વિષયવસ્તુની સમજૂતી સરળતાથી આપી શકાય છે.
- શિક્ષક માટે કથન તૈયાર કરવું સરળ બની રહે છે.
- પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે આ પદ્ધતિનો ઉપયોગ ફાયદાકારક બની રહે છે.
- આ પદ્ધતિનાં ઉપયોગથી વિદ્યાર્થીઓની શ્રવણશકિત સતેજ બને છે.
- વિષયવસ્તુ નિર્ધારિત સમયમમાં સરળતાથી પૂર્ણ કરી શકાય છે.
- વ્યાખ્યાન સાથે નોંધ તૈયાર કરવાનું કૌશલ્ય ઉચ્ચ કક્ષાનાં વિદ્યાર્થીઓને શિખવી શકાય છે.
- કમ્પ્યુટરને લગતા શોર્ટ ફોર્મ અને ટૂંકી માહિતીઓ સરળતાથી યાદ કરાવી શકાય છે.
- અધ્યાપક માનસિક રીતે અત્યંત સક્રિય હોય છે.
- અધ્યાપક સરળતાથી સંક્ષિપ્તમાં સંપૂર્ણ માહિતી રજુ કરી અસરકારક અધ્યાપન કરાવી શકે છે.
- વ્યાખ્યાન દરમ્યાન પ્રશ્નો પુછી ન સમજાતી બાબતોની ફરી સમજૂતી આપી શકાય છે.
- ઉદાહરણસહ સમજૂતી સરળતાથી આપી શકાય છે.

**મર્યાદાઓ**

- વિદ્યાર્થીઓ સતત સાંભળીને કંટાળો અનુભવે છે.
- અધ્યાપનની એકધ્રુવી પ્રક્રિયા છે જેમાં ફક્ત શિક્ષક જ સક્રિય રહે છે.
- વિદ્યાર્થીઓ લાંબો સમય ધ્યાનકેન્દ્રિત કરી શકતા નથી.
- કંટાળો આવવાનાં કારણે વર્ગ વ્યવસ્થા ખોરવાય છે.
- અધ્યેતાઓ પોતાનાં વિચારો રજુ કરી શકતા નથી.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED COLLEGE-RAJKOT

- અધ્યેતાઓને કોઇ પ્રવૃતિ ન મળતા તેઓ નિરુત્સાહી અને હતાશ બને છે.
- સતત વ્યાખ્યાનનાં કારણે ઘણી વખત શિક્ષક અને વિષય પ્રત્યે અણગમો ઉભો થતો જોવા મળે છે.
- અભ્યાસક્રમ લાંબો હોવાથી આ પદ્ધતિમાં સમય વધારે જતો હોવાથી પાઠયક્રમ નિયત સમયમાં પૂર્ણ થઇ શકતો નથી.
- આ પદ્ધતિ દ્વારા પ્રાયોગિક વિષયો શીખવવા શકય બનતા નથી.
- અસરકારક વ્યાખ્યાનનાં ઉપાયો
- વ્યાખ્યાન પદ્ધતિનો અધ્યાપન માટે ઉપયોગ કરવા માટે અધ્યાપકે પુરતા પ્રમાણમાં તૈયારી કરવી આવશ્યક બને છે જેથી વિદ્યાર્થીઓને અસરકારક રીતે આપી શકાય.
- વ્યાખ્યાન આપતા પહેલા અધ્યાપકે પોતાની વાણી અને વાકચાતુર્ય પર કાર્ય કરવું પડે છે.
- રસપ્રદ ઉદાહરણો, જીવંત બાબતો તેમજ વિદ્યાર્થીઓએ અનુભવેલ હોય તેવા જ્ઞાન સાથે વિષયવસ્તુનું જોડાણ કરવું જોઈએ.
- વ્યાખ્યાન પદ્ધતિનો ઉપયોગ કર્યા બાદ અધ્યેતાઓ ઉપયોગી માહિતી અને પ્રશ્નોનાં ઉતરો કઇ રીતે મેળવશે તે અંગે પણ શિક્ષકે માર્ગદર્શન આપવું જોઈએ...
- સારા વ્યાખ્યાન માટે વિદ્યાર્થીઓને સતત જોડી રાખવા જરૂરી બને છે તે માટે અધ્યાપક વિવિધ પ્રશ્નો વિદ્યાર્થીઓને પુછી શકે છે.
- વ્યાખ્યાન દરમ્યાન ફકત અધ્યાપકે બોલવાનું હોવાથી વિદ્યાર્થીઓ કંટાળો ન અનુભવે તેમાટે તેઓને પણ વ્યાખ્યાન દરમ્યાન બોલવાની તક આપવી તેઓનાં મંતવ્યો અને વિચારો જાણવા.
- કમ્પ્યુટર જેવા વિષયમાં આ પદ્ધતિનો ઉપયોગ કરવા માટે અધ્યાપકે વિવિધ ચાર્ટ અનેનમૂનાઓનો ઉપયોગ કરવો જોઈએ.

### 3.2 સ્વાધ્યાય પદ્ધતિ

**અર્થ**

સ્વાધ્યાય શબ્દની સંધી છુટી પાડતા તેનો અર્થ સ્પષ્ટ થતો જોવા મળે છે. સ્વાધ્યાય એટલે સ્વ અધ્યાય. સ્વ એટલે વિદ્યાર્થી પોતે અને અધ્યાય એટલે શીખવું. સ્વાધ્યાય એટલે જાતે શીખવું. જયારે વિદ્યાર્થી પોતે પોતાની રીતે વિષયવસ્તુ શીખે ત્યારે તે પદ્ધતિને સ્વાધ્યાય તરીકે ઓળખવામાં આવે છે. કમ્પ્યુટર વિષય એવો છે કે જેમા વિદ્યાર્થીઓ જાતે શીખી શકે છે. પ્રથમ અધ્યેતા સૈદ્ધાંતિક જ્ઞાન આપે ત્યાર બાદ વિદ્યાર્થી પોતે સ્વાધ્યાય પદ્ધતિનો ઉપયોગ જાતે આ વિષય શીખી શકે છે. આથી કમ્પ્યુટર માટે સ્વાધ્યાય પદ્ધતિ ઉપયોગી નીવડે છે. આ પદ્ધતિને સ્વ અધ્યયન પદ્ધતિ તેમજ અધિન્યાસ તરીકે પણ ઓળખવામાં આવે છે.

આલ્કોન, કાઈન્ડર અને શર્નટ પોતાના પુસ્તક બેટર ટીચિંગ ઈન સ્કુલમાં સારા સ્વાધ્યાયની વ્યાખ્યા આ મુજબ આપે છે,

"અસરકારક સ્વાધ્યાય એ રીતે થયેલો હોવો જોઈએ કે તેનાથી ઓછામાં ઓછા બે હેતુઓ સિદ્ધ થાયઃ (1) પાઠ આયોજનનાં વિશિષ્ટ હેતુઓ સિદ્ધ કરવા માટે ફાળો આપે અને (૨) ઓછામાં ઓછી ભૂલો સાથે વિદ્યાર્થીઓને પ્રેરણા આપે."

સ્વાધ્યાયની સંકલ્પના નીચે મુજબ સ્પષ્ટ કરી શકાયઃ

સ્વાધ્યાયની મુદત નિશ્ચત હોતી નથી અર્થાત તે લાંબી અથવા ટૂંકી મુદતનાં શકે.

સ્વાધ્યાયનો અર્થ ગૃહકાર્ય એવો થતો નથી. ગૃહકાર્યને સ્વાધ્યાયનો એક નાનો ભાગ કહી શકાય.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

સ્વાધ્યાય ફક્ત ઘરે જ થાય એવું હોતું નથી તે શાળામાં, વર્ગખંડમાં, વર્ગખંડ બહાર અધ્યેતા ઇચ્છે ત્યારે કરી શકે છે.

સ્વાધ્યાય દરમ્યાન અધ્યાપકોનું માર્ગદર્શન નહીવત હોય છે.

સ્વાધ્યાયથી શીખેલી વિષયવસ્તુ વિદ્યાર્થીએ પોતાની જાતે શીખેલી હોવાથી તે વધુ લાંબો સમય યાદ રહે છે.

સ્વાધ્યાય વ્યક્તિગત રીતે પણ હોય શકે અને તેનો ઉપયોગ વિદ્યાર્થીઓ જુથ બનાવીને પણ કરી શકે છે.

સ્વાધ્યાયનાં હેતુઓ સ્પષ્ટ હોય છે.

સ્વાધ્યાય દરમ્યાન અધ્યેતા સંદર્ભ સાહિત્યનો મહતમ અભ્યાસ કરતો હોવાથી તેની વાંચન શૈલી પણ વિકસે છે.

**ફાયદા**

- સ્વાધ્યાયથી અધ્યેતામાં સંશોધનવૃતિ, આત્મવિશ્વાસ, સ્વાવલંબન જેવી ટેવો વિકસે છે.
- અધ્યેતાઓ વાંચવા, વિચારવા, પ્રવૃત રહેવા પ્રેરાય છે.
- અધ્યેતાઓમાં નવીન સર્જન, વાંચન, નોંધ કરવા જેવાં કૌશલ્યોનો વિકાસ થાય છે.
- વિવિધ સંદર્ભોનાં અભ્યાસની ટેવો વિકસે છે.
- અધ્યેતાઓ જુથમાં સ્વાધ્યાય કરતા હોવાથી અન્ય અધ્યેતાઓ પાસેથી પણ શીખે છે.
- સહકાર, મૈત્રી, જુથ ભાવનાનો વિકાસ થાય છે.
- ક્રિયા દ્વારા શિક્ષણનાં સિદ્ધાંત પર આ પદ્ધતિ આધારિત છે.
- અધ્યેતા નવરાશના સમયનો સારો ઉપયોગ કરતા શીખે છે જેથી તેઓની પ્રગતિ થાય છે.
- વિષયવસ્તુ સ્વ પ્રયતે શીખેલી હોવાથી લાંબો સમય યાદ રહે છે.
- પરીક્ષા સમયે પુનરાવર્તન અને વધુ વાંચનની જરૂરીયાત રહેતી નથી.
- અનુભવજન્ય જ્ઞાન હોવાથી તેનો ઉપયોગ વિદ્યાર્થી અન્ય ક્ષેત્રોમાં પણ કરી શકે છે.

**મર્યાદા**

- જૂથમાં સ્વાધ્યાયનો ઉપયોગ કરતી વખતે બધા જ સભ્યો સક્રીય રહે તેવું બનતું નથી.
- કમ્પ્યુટર માટે જો શાળામાં કે વિદ્યાર્થીઓ પાસે સાધનો ન હોય તો સ્વાધ્યાય શક્ય બનતું નથી.
- પુરતા સંદર્ભોનો અભાવ, સંદર્ભોની સમજુતીનાં અભાવમાં સ્વાધ્યાય શકય બનતું નથી.
- સ્વાધ્યાયનાં અમલથી સંપૂર્ણ અભ્યાસક્રમ સમયસર પૂર્ણ થાય તે શકય બનતું નથી.
- અધ્યાપક અને અધ્યેતા બંનેનાં પક્ષે પુષ્કળ તૈયારી માંગી લે છે.
- નાના બાળકો માટે આ પદ્ધતિ ઉપયોગી નીવડતી નથી.
- અધ્યેતા અન્યની નકલ કરે ત્યારે આ સ્વાધ્યાય અસરકારક નીવડતુ નથી.
- નબળા અધ્યેતાઓ માટે સ્વાધ્યાય ઉપયોગી નીવડતું નથી.
- સ્વાધ્યાય પદ્ધતિ અસરકારક બનાવવાનાં ઉપાયો
- અધ્યાપકે અધ્યેતાઓ સંદર્ભ ક્યાથી મેળવી શકશે તેનું માર્ગદર્શન આપવું.
- સ્વાધ્યાયમાં પ્રશ્નો વધુ પ્રમાણમાં હોવા જોઇએ અને ટૂંકા તેમજ અનાત્મલક્ષી પ્રશ્નોનું પ્રમાણ વધુ રાખવું જોઇએ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- ચિત્રો, વિવિધ સાધનો અને સંદર્ભો, માઈન્ડમેપનો ઉપયોગ વધુ કરવો જોઈએ. સ્વાધ્યાય એકમ અને પેટાએકમોને આવરી લે તેવો સાતત્યપૂર્ણ હોવું જોઈએ.
- સ્વાધ્યાય અધ્યેતાઓનાં વૈયક્તિક તફાવતોને આધારે વિકાસને અનુસરે છે.

**3.3 નિદર્શન પદ્ધતિ**

**અર્થ**

નિદર્શન એટલે દાર્શીનક સાધનો કે માધ્યમોનો ઉપયોગ કરી શિક્ષણ આપવાની પદ્ધતિ. નિદર્શન પદ્ધતિને પ્રયોગ નિદર્શનપદ્ધતિ, દાર્શનિક પદ્ધતિ, પ્રયોગદર્શન પદ્ધતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. કમ્પ્યુટર જેવા પ્રાયોગિક વિષયનાં અધ્યાપન માટે નિદર્શન પદ્ધતિ ખૂબ જ અસરકારક નીવડે છે. નિદર્શન પદ્ધતિમાં અધ્યાપક કેન્દ્ર સ્થાને હોય છે. નાની વયનાં બાળકો કે જેઓ સ્વયં પ્રયોગો કરી શકતા નથી તેઓને, જયા સાધનોની અછત હોય તેવી શાળાનાં અધ્યેતાઓને અને જયા અધ્યેતાઓ પ્રાયોગિક જ્ઞાનની સમજ ધરાવતા નથી તેવા સંજોગોમાં અધ્યાપક નિદર્શન પદ્ધતિનો

જાત્ર પ્રમત ઉપયોગ કરી અસરકારક શિક્ષણકાર્ય કરાવી શકે છે. મોટી વયકક્ષાનાં અધ્યેતાઓ કે જેઓ સ્વં પ્રયોગ કરી શકે છે તેઓ માટે નિદર્શન ઓછી અસરકારક નીવડે છે. કમ્પ્યુટરનાં વિવિધ ભાગોનાં અધ્યાપન માટે નિદર્શન ખૂબ જ ઉપયોગી બની રહે છે. તેમાં અધ્યેતાઓ સમજૂતી પ્રાપ્ત કરી કમ્પ્યુટરનો ઉપયોગ કઈ રીતે કરવો તેનું પુરતુ માર્ગદર્શન સાધનસહ રીતે મેળવી શકે છે. નિદર્શનથી અધ્યેતાઓની તર્કશક્તિ અને અવલોકનશક્તિનો પણ વિકાસ થાય છે. અધ્યેતાઓ કમ્પ્યુટરનો ઉપયોગ કરવા પ્રેરાય છે.

પ્રયોગો પણ બે પ્રકારનાં હોય છે પ્રયોગશાળા કે કાર્યશાળાની અંદરના પ્રયોગો અને પ્રયોગશાળા કે કાર્યશાળાની બહારનાં પ્રયોગો. દા.ત., કમ્પ્યુટર, વિજ્ઞાનનાં રસાયણોને લગતા પ્રયોગો એ પ્રયોગશાળા કે કાર્યશાળાની અંદરના પ્રયોગો અને ખેતીકામ, વણાટ, બાગાયતને લગતા પ્રયોગો એટલે પ્રયોગશાળા કે કાર્યશાળાની બહારના પ્રયોગો. કમ્પ્યુટર વિષયને લગતા પ્રયોગો માધ્યમિક કક્ષાએ ફરજયાત હોવાથી તેને લગતા સાધનો ઉપલબ્ધ હોય છે.

**ફાયદા**

- કમ્પ્યુટર જેવા કિંમતી સાધનોનો ઉપયોગ કરતા પહેલા તે અંગે અધ્યાપક પોતે તેનું નિદર્શન કરાવે તે વધુ યોગ્ય રહે છે અને સાધનોને થતા નુકશાનને રોકી શકાય છે.
- નિદર્શન દ્વારા પ્રત્યક્ષ અનુભવજન્ય જ્ઞાન શકય બને છે.
- વિધાર્થીઓને ફકત શ્રવણનાં બદલે પ્રયોગ દ્વારા આપવામાં આવેલ સમજૂતી લાંબો સમય યાદ રહે છે.
- વિધાર્થીઓ સરળતાથી નિદર્શન દરમ્યાન મેળવેલ જ્ઞાનનો ઉપયોગ કમ્પ્યુટરનો ઉપયોગ કરતી વખતે અમલમાં મુકી શકે છે.
- નિદર્શન દરમ્યાન અધ્યેતાઓને વિષયવસ્તુમાં રસ જળવાય રહે છે.મને
- અધ્યેતાઓની જીજ્ઞાશાવૃતિ સંતોષાય છે અને અવલોકનશક્તિનો વિકાસ થાય છે.
- આ એક મનોવૈજ્ઞાનિક પદ્ધતિ છે.

**મર્યાદા**

- નિદર્શન થતું હોવાથી અધ્યેતાઓને કાર્ય કરવાની તક મળતી નથી.
- અધ્યેતાઓ પ્રવૃત ન રહેતા હોવાથી સતત ધ્યાન કેન્દ્રિત કરી શકતા નથી.
- અધ્યેતાઓનાં વ્યક્તિગત તફાવતો ધ્યાનમાં લેવાતા નથી.
- કાર્યાનુભવ પ્રાપ્ત થતો નથી.
- હોશીયાર વિધાર્થીઓ માટે આશીર્વાદરૂપ પરંતુ નબળા વિધાર્થીઓ માટે અસરકારક નથી.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED COLLEGE RAJKOT

- અધ્યાપક સક્રિય અને અધ્યેતાઓ નિષ્ક્રિય બને છે.
- અધ્યાપકો પાસેથી ખૂબ જ તૈયારી માગી લે છે. જો અધ્યાપકને ઉપયોગ કરતા ન આવડતુ હોય તો નિદર્શન શકય બનતું નથી.
- નિદર્શન પદ્ધતિને અસરકારક બનાવવાનાં ઉપાયો
- નિદર્શન કરતી વખતે તમામ અધ્યેતાઓ સરળતાથી જોઇ શકે તે રીતે કાર્ય કરવું.
- વિવિધ ભાગોનાં સૂક્ષ્મ અધ્યાપન માટે પ્રોજેકટરની વ્યવસ્થા કરવી જેથી અધ્યેતા થતી ક્રિયાઓને મોટા પડદા પર નીહાળી શકે.
- નિદર્શન કરતી વખતે અધ્યેતાઓની વયકક્ષા અનુરૂપ ભાષા અને શબ્દોનો પ્રયોગ કરવો.
- નિદર્શન શરૂ કરતા પહેલા વારંવાર વપરાતા નવીન શબ્દોની સમજૂતી આપવી જેથી પ્રયોગ દરમ્યાન અધ્યેતા તેને સરળતાથી સમજી શકે.
- કમ્પ્યુટરના વિવિધ ભાગો કે કીબોર્ડની માહિતી આપતા પહેલા કમ્પ્યુટર શરૂ કરવાની રીતે શીખવવી.
- નિદર્શન બાદ અધ્યેતાઓને ઉદભવેલ પ્રશ્નોની એક પછી એક ચર્ચા કરવી.
- નિદર્શન દરમ્યાન અધ્યેતાનું અવલોકન કરવું જો કોઇ અધ્યેતાને ન સમજાય તેવા ભાવો જોવા મળે તો પ્રશ્નો પુછી તેનું સમાધાન કરવું. જેથી અન્ય વિદ્યાર્થીઓ પણ સક્રિય રહે.

**3.4 પ્રોજેકટ પદ્ધતિ**

**અર્થ :**પ્રોજેકટ પદ્ધતિનાં પ્રણેતા જહોન ડયુઇ છે. તેઓએ ઉપયોગીતાવાદનાં સિદ્ધાંતને આધાર તરીકે લઇ પ્રોજેકટ પદ્ધતિની રચના કરી હતી. પ્રોજેકટ પદ્ધતિનાં વિકાસમાં કિલપેટ્રિક, મેરિયન, પાર્કર જેવા મનોવૈજ્ઞાનિકોએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

પ્રોજેકટ પદ્ધતિને પ્રકલ્પ કે યોજના પદ્ધતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. પ્રોજેકટ પદ્ધતિથી માર્ય કરવાનો વિચાર ખેતીવાડી અંગેનાં શિક્ષણમાંથી આવ્યો હતો. પ્રોજેકટ પદ્ધતિ અંગે શિક્ષણશાસ્ત્રીઓએ આપેલી વ્યાખ્યાઓ નીચે મુજબ છેઃ

સામાજિક પરિસ્થિતિમાં વિકસતી, હેતુસરની અને હૃદયપૂર્વક હાથ ધરવામાં આવતી પ્રવૃતિને પ્રોજેકટ કહેવામાં આવે છે. -કિલપેટ્રિક

જયારે અધ્યેતાને કોઇ સમસ્યા એટલી મહત્વની કે જરૂરી લાગે કે તે સિદ્ધ કરવા, મુક્ત અને નૈસર્ગિક વાતાવરણમાં સ્વપ્રયત્વે કાર્ય કરીને સમસ્યાને પૂર્ણ કરે ત્યારે એ સમસ્યા પ્રોજેકટ બની જાય છે.
- બર્ટન

પ્રોજેકટ પદ્ધતિ અનેક ગૌણ સમસ્યાઓની બનેલી છે કે જેમનો ઉદભવ પ્રોજેકટનાં અમલીકરણ વખતે થાય છે, જે પછીથી સુસંકલિત અને સહસંબંધિત એવી અનેક વ્યકિતગત સમસ્યાઓમાં પરિણમે છે.
- હન્ટર

પ્રોજેકટ એ ઉદેશ્યપૂર્ણ કાર્ય છે, જેને સહકાર અને સદભાવનાથી અધ્યેતા સ્વેચ્છાએ પૂર્ણ કરવાનો કરે છે.
- રાયબર્ન

ક્રિયા દ્વારા શિક્ષણ અને જીવન દ્વારા શિક્ષણ એ આ પદ્ધતિનાં મહત્વનાં સિદ્ધાંતો છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

પ્રોજેક્ટનો હેતુ નિશ્ચિત હોય છે જેને સિધ્ધ કરવા ક્રિયાઓનું આયોજન કરવું પડે છે. આવી ક્રિયાઓમાં નાટયીકરણ, સ્ક્રેપ બૂક, પર્યટન, નકશા-ચાર્ટ પૂર્તિ, રામલીલા, નમૂનાઓ બનાવવા વગેરેનો સમાવેશ પ્રોજેક્ટ તરીકે કરવામાં આવે છે. આ પધ્ધતિ દ્વારા શિક્ષણમાં અધ્યેતાઓ કેન્દ્ર સ્થાને હોય છે. અધ્યેતાઓ સ્વયં એકમ પસંદગી કરી તેનાં પર વિવિધ પ્રોજેક્ટ તૈયાર કરે છે. આ પધ્ધતિમાં અધ્યેતાઓ જૂથમાં કાર્ય કરતા હોવાથી સહકારની ભાવના વિકસે છે અને અન્યનાં જ્ઞાનનો ઉપયોગ પણ કરી શકે છે.

**ફાયદા**

- અધ્યેતાઓનાં વ્યકિતગત તફાવતો સંતોષાય છે.
- અધ્યેતા સ્વયંની શકિત અને ઝડપ અનુસાર કાર્ય કરી શકે છે.
- અધ્યેતાઓ વિવિધ કાર્યો માટે કમ્પ્યુટરનો ઉપયોગ સરળતાથી અને ઝડપથી કરી શકે છે.
- સૈધ્ધાંતિક જ્ઞાનને પ્રાયોગિક સ્વરૂપે અમલમાં મુકવાની તક મળી રહે છે.
- ક્રિયા દ્વારા શિક્ષણનો સિધ્ધાંત સાર્થક નીવડે છે.
- પ્રોજેક્ટ દરમ્યાન વિધાર્થીઓનો ઉમંગ અને નવુ જ્ઞાન મેળવવાનો જુસ્સો જળવાય રહે છે.
- અધ્યેતામાં સર્જનશકિત, તર્કશકિત, અનુમાનશક્તિનો વિકાસ થાય છે.
- અધ્યેતાઓનાં આત્મવિશ્વાસ, સ્વાવલંબનની ભાવનાનો વિકાસ થાય છે.
- અધ્યેતા અધ્યાપક પર અવલંબિત ન સ્વયં કરતા છે.
- પ્રોજેક્ટ દ્વારા મળેલ જ્ઞાન સહજ અને ચિરંજીવી હોય છે.
- પ્રોજેક્ટ એ અધ્યેતાઓ માટે રસનો વિષય હોવાથી ગેરશિસ્તનો સવાલ જ રહેતો નથી.
- વાસ્તવિક અનુભવો દ્વારા શિક્ષણ આપે છે.
- પ્રોજેક્ટ શ્રમનો મહિમા સમજાવે છે.
- નિરીક્ષણમાં ઉંડાઇ અને ચોકકસાઇ બક્ષે છે.
- અધ્યેતાઓમાં સ્વ મૂલ્યાંકનની ટેવનો વિકાસ થાય છે.

**મર્યાદા**

- શાળામાં સાધનોનો અભાવ હોય ત્યારે આ પધ્ધતિ ઉપયોગી નીવડતી નથી.
- જે સમસ્યા પ્રોજેકટથી રજૂ થતી હોય છે તે નાની વયનાં અધ્યેતાઓની વયકક્ષા બહારની હોવાથી ઉપયોગી નીવડતી નથી.
- પ્રોજેકટથી પ્રાપ્ત થતા જ્ઞાનમાં સળંગસૂત્રતાનો અભાવ જોવા મળે છે.
- સમયનાં અભાવનાં કારણે દઢીકરણની તક મળતી નથી.
- પ્રોજેકટ માટે વિવિધ સાધનોની જરૂરીયાત હોવાથી તે ખર્ચાળ બની રહે છે.
- પ્રોજેકટ લાંબા હોય તો અધ્યેતાઓ કંટાળી પ્રોજેકટ વચ્ચેથી જ અધૂરા છોડી દે છે.
- અધ્યેતા પ્રોજેકટમાં વધુ વ્યસ્ત થતા હોવાથી અન્ય વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરી શકતા નથી.
- નિશ્ચિત સમયગાળામાં પાઠયક્રમ પૂર્ણ કરવાનો હોવાથી પ્રોજેકટ શક્ય બનતા નથી.
- વિધાર્થીઓને રસ હોય તેઓ જ કાર્ય કરે છે અને અન્ય અધ્યેતાઓ ફકત દેખાવ કરે છે.

**પ્રયોગ પધ્ધતિને અસરકારક બનાવવાનાં ઉપાયો**

પ્રોજેક્ટ સમયલક્ષી હોવો જોઇએ જેથી સમયનાં વ્યય વગર નિશ્ચિત સમયમાં કાર્ય શકય બને.
અન્ય અધ્યેતાઓને મદદ કરવાની ભાવના વિકસાવવી જોઇએ ફકત હરીફાઇમાં જ જવું જોઇએ.
પ્રોજેકટ દરમ્યાન અધ્યેતા શારિરીક અને માનસિક બંને રીતે પ્રવૃત રહેવા જોઇએ.

પ્રોજેકટ વ્યવહારુ હોવા જોઇએ જેથી તે અનુભવોનો ઉપયોગ અધ્યેતા સ્વયંનાં જીવનમાં પણ કરી શકે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

પ્રોજેકટ અધ્યેતા સ્વયં કરે તે અંગેની ચકાસણી કરવી આવશ્યક છે તો જ તેનો હેતુ સિધ્ધ થાય છે.

પ્રોજેકટ અધ્યેતાની વયકક્ષા, રસ, અભિરૂચીને અનુરૂપ હોવો જોઈએ.

પ્રોજેકટનાં કારણે અધ્યેતા પર આર્થિક બોજ વધે નહી તેની ખાસ કાળજી લેવી જોઇએ.

**એકમ - 4 : આભાસી વર્ગખંડ અને ઓનલાઈન શિક્ષણ**

**4.1 આભાસી વર્ગખંડનોઃ અર્થ, સંકલ્પના**

**4.2 આભાસી વર્ગખંડનાં લક્ષણો**

**4.3 ઓનલાઈન શિક્ષણઃ અર્થ, સંકલ્પના**

**4.4 ઓનલાઈન શિક્ષણઃ લાભાલાભો**

**પ્રસ્તાવના**
વર્તમાન સમયમાં કોમ્પ્યુટરે દરેક ક્ષેત્રમાં ફાળો આપ્યો છે ત્યારે શિક્ષણક્ષેત્રમાં પણ તેનો ઉપયોગ થતો જોવા મળે છે. અધ્યેતાઓ પોતાનાં સમયે અને સ્થળે બેસી શિક્ષણ મેળવી શકે તેવી વ્યવસ્થા શકય બની છે. શિક્ષણ માટે સમય, સ્થળ, નિયમીતતાનાં બંધનો દૂર થયા છે. અધ્યેતા ઓનલાઈન શિક્ષણ ઘરબેઠા મેળવી શકે છે આ તમામ સુવિધાઓ ટેકનોલોજીને આભારી છે. આભાસી વર્ગખંડ અને ઓનલાઈન શિક્ષણ એ હાલનાં સમયમાં દરેક અધ્યેતાની જરૂરીયાત બની રહી છે.

**4.1 આભાસી વર્ગખંડનોઃ અર્થ, સંકલ્પના**
આભાસી વર્ગખંડ એટલે શાળાનાં વર્ગખંડની દિવાલોથી અને સમયનાં મુક્ત શિક્ષણ. દૂરવર્તી શિક્ષણ માટેની એક પધ્ધતિ તરીકે આભાસી વર્ગખંડનો ઉપયોગ કરવામાં આવે છે. આભાસી વર્ગખંડએ ડિજિટલ શીખવાનું વાતાવરણ છે જે શિક્ષકોને અને વિદ્યાર્થીઓને વાસ્તવિક સમયમાં ઓનલાઈન કનેકટ થવા દે છે. વર્ચ્યુઅલ વર્ગખંડો, વીડીયો કોન્ફરન્સિંગ, વ્હાઈટબોર્ડ અને સ્ક્રિન શેરીંગનો ઉપયોગ અધ્યેતાઓને લાઈવ લેકચર્સ, નિશ્ચિત સમય અને ઈન્ટરેકટીવ સેટીંગમાં વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવા માટે પરવાનગી આપે છે. આભાસી વર્ગખંડોએ શારિરીક વર્ગખંડોના અનુભયોને નકલ કરવા, ફાઈલ શેરીંગ, ઈન્સ્ટન્ટ ફીડબેક અને દૂરવર્તી શિક્ષણની આદર્શ છે. વર્ચ્યુઅલ વર્ગખંડ એ એક એવી પરિસ્થિતિ છે જેમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને વાતચીત કરવા અને સહયોગ કરવાની મંજુરી આપે છે. આભાસી વર્ગખંડો એ સામાન્ય રીતે કલાઉડ આધારીત શિક્ષણ સોલ્યુશન છે જે મોટા લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમનો ભાગ છે. આભાસી વર્ગખંડ માટે સ્માર્ટફોન, ટેબ્લેટ, લેપટોપ જેવા સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. વર્ચ્યુઅલ વર્ગખંડને વર્ચ્યુઅલ લર્નિંગ એન્વાયરમેન્ટ (વીએલઈ) તરીકે પણ ઓળખવામાં આવે છે.

**4.2 આભાસી વર્ગખંડનાં લક્ષણો**
આભાસી વર્ગખંડ ઓનલાઈન માધ્યમોનાં ઉપયોગથી શકય બનતુ પ્લેટફોર્મ છે જે દરેક અધ્યેતાઓ માટે ઉપલબ્ધ બને છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

આભાસી વર્ગખંડ માટે વિવિધ સાધનો જેવાકે લેપટોપ, સ્માર્ટફોન, ટેબલેટ જરૂરી બની રહે છે.
આભાસી વર્ગખંડ માટે ઈન્ટરનેટ જોડાણ જરૂરી બની રહે છે. કોઇપણ અધ્યેતા આભાસી વર્ગખંડમાં જોડાઇ તેનો લાભ લઈ શકે છે.
અધ્યેતાઓ પોતાનાં પ્રશ્નો કોઇ સંકોચ વગર અધ્યાપકને પુછી શકે છે.
અધ્યેતા પોતાને અઘરા લાગતા એકમોને ફરી સમજવા માટે રેકોર્ડેડ લેકચર્સનો ઉપયોગ કરી શકે છે.
સમય અને સ્થળનાં બંધનોથી રહીત શિક્ષણ શકય બને છે.
સ્માર્ટકલાસ હોવાથી વિવિધ પ્રાયોગિક વિષયો માટે વિડીયો અને પ્રેઝન્ટેશન જેવા માધ્યમોનો ઉપયોગ કરી શકાય છે.

**4.3 ઓનલાઈન શિક્ષણઃ અર્થ, સંકલ્પના**

ઓનલાઈન શિક્ષણની શરૂઆત 1990 ના દાયકાનાં મધ્યભાગમાં ઈન્ટરનેટ અને વર્લ્ડ વાઇડ વેબનાં વિકાસ સાથે થઇ હતી. મોટી સંખ્યામાં સંસ્થાઓ ઓનલાઈન અભ્યાસક્રમોનાં વહીવટ માટે લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરે છે. જેમ જેમ દૂરવર્તી શિક્ષણનો વિકાસ થાય છે તેમ તેમ શિક્ષણ અને શિક્ષણશાસ્ત્રને ટેકો આપતી ડિજીટલ ટેકનીકોનો પણ વિકાસ થયો છે.
ઓનલાઈન શિક્ષણ ઈલેકટ્રોનિકલ શિક્ષણને સમર્થન આપે છે જે શિક્ષક– વિદ્યાર્થીની ક્રિયાપ્રતિક્રિયા અને વર્ગ સામગ્રીના વિતરણ માટે ઈન્ટરનેટ પર આધાર રાખે છે.
ઓનલાઈન શિક્ષણ એ શિક્ષણનો એક પ્રકાર છે જયા વિદ્યાર્થીઓ તેમના કમ્પ્યુટરનો ઉપયોગ ઈન્ટરનેટ સાથે કરી શિક્ષણ પ્રાપ્ત કરે છે. સામાન્ય રીતે અભ્યાસની સાથે નોકરી કરતા અધ્યેતાઓ, ગૃહીણીઓ, દૂરવર્તી વિસ્તારમાં રહેતા અધ્યેતાઓ માટે ઓનલાઈન શિક્ષણ પદ્ધતિ આશીર્વાદરૂપ છે. અધ્યેતાઓને ઓનલાઈન શિક્ષણ આપવા માટેયુનિવર્સિટીઓ સ્વયં ઓનલાઇન પ્લેટફોર્મ ઉભા કરે છે. ઓનલાઈન શિક્ષણમાં અધ્યેતા કમ્પ્યુટર અને ઈન્ટરનેટ એકસેસ હોય તેવા કોઈપણ સ્થળેથી શિક્ષણ મેળવી શકે છે. અધ્યેતા પોતાના સમયે ફરી પુનરાવર્તન માટે લેકચર રેકોર્ડ કરી શકે છે. મુખોપમુખ શિક્ષણની મોટી મર્યાદા ઓનલાઈન શિક્ષણમાં દૂર થાય છે અધ્યેતા જે એકમની સમજૂતી દરમ્યાન હાજર ન રહી શકે તે એકમ ફરી ઓનલાઈન શિક્ષણમાં સમજૂતી મેળવી શકે છે.

**4.4 ઓનલાઈન શિક્ષણઃ લાભાલાભો**

**ફાયદા**

- અધ્યેતાઓને શિક્ષણ આપવાનું અસરકારક માધ્યમ છે.
- ઓનલાઈન શિક્ષણમાં વિડીયો, પીડીએફ, પ્રોડકાસ્ટ જેવા એડવાન્સ ફીચર્સનો ઉપયોગ શક્ય બને છે.
- અધ્યેતાઓને પાઠયક્રમ ઉપરાંત સંદર્ભો દ્વારા શિક્ષણ આપવું શકય બને છે.
- અધ્યેતાઓ ફત પાઠય પુસ્તકને આધારીત ન રહેતા અન્ય સંદર્ભોનું વાંચન અને તેનો ઉપયોગ કરતા શીખે છે.
- સંદર્ભો અને વિઝયુઅલ સાધનો દ્વારા શિક્ષણ આપવામાં આવતુ હોવાથી તે વધુ અસરકારક બને છે.
- વિદ્યાર્થીઓ કંટાળો અનુભવતા નથી અને વિષયવસ્તુમાં રસ જળવાય રહે છે.
- અધ્યેતાઓ લાંબા સમય સુધી જ્ઞાન યાદ રાખી શકે છે.
- અધ્યેતાઓને તેમની પસંદગીનાં સ્થળેથી વર્ગમાં જોડાવવા માટે પરવાનગી આપવામાં આવે છે.
- ભૌગોલીક સીમાઓનાં બંધનો દૂર કરી અંતરીયાળ ગામળાઓ સુધી શિક્ષણ શક્ય બને છે.
- ઓનલાઈન વ્યાખ્યાનો રેકોર્ડ કરી શકાય, આર્કાઈવ કરી શકાય, ભાવી સંદર્ભો માટે શેર પણ કરી શકાય છે.
- અધ્યેતા પોતાનાં નવરાશનાં સમયે ઈચ્છે ત્યારે અને ગમે તે સ્થળે બેસી શિક્ષણ મેળવી શકે છે.
- ઓનલાઈન શિક્ષણ પરંપરાગત શિક્ષણ કરતા વધુ સસ્તુ છે.
- ઓનલાઈન શિક્ષણમાં પરીવહન, ભોજન અને રહેવાનો ખર્ચ ઘટી જાય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE, RAJKOT

- ઓનલાઈન મટીરીયલ ઉપલબ્ધ હોવાથી કાગળની બચત થાય છે જે પર્યાવરણને સુરક્ષિત રાખવામાં મદદરૂપ બની રહે છે.
- અધ્યેતાઓની હાજરીનો પ્રશ્ન રહેતો નથી કારણકે અધ્યેતા સ્વયં પોતાનું શિક્ષણ નિશ્ચિત સમયે મેળવી લે છે.
- અધ્યેતા સ્વયંની શકિત અને ઝડપ અનુસાર શિક્ષણ મેળવી શકે છે.
- અધ્યેતાઓનાં વ્યકિતગત તફાવતો સંતોષી શકાય છે.
- અધ્યેતાને વિવિધ અધ્યાપન શૈલી અને માધ્યમોનો ઉપયોગ કરી અસરકારક શિક્ષણ આપવું શકય બને છે.
- અધ્યેતા સંકોચ વગર પોતાનાં પ્રશ્નો રજુ કરી શકે છે.

**મર્યાદાઓ**

- અધ્યેતાઓ લાંબા સમય સુધી સ્ક્રીન પર ધ્યાન કેન્દ્રિત કરી શકતા નથી.
- ઓનલાઈન શિક્ષણમાં અધ્યેતાઓ શિક્ષણ ઉપરાંત અન્ય સોશીયલ મીડીયા સાઈટસ જોવા માટે સરળતાથી વિચલીત થતા હોય છે.
- શિક્ષકોએ સતત ચપળ રહી અધ્યેતાઓને કાર્યરત રાખવા પડે છે જેથી તેઓનું ધ્યાન કેન્દ્રિત કરી શકાય.
- ઈન્ટરનેટ કનેકશન વગર ઓનલાઈન શિક્ષણ શકય બનતું નથી.
- નાના શહેરો અને ગામડાઓમાં જયા નેટવર્કનાં પ્રશ્નો છે ત્યા ઓનલાઈન શિક્ષણ શકય બનતુ નથી.
- ઓનલાઈન શિક્ષણ માટે કમ્પ્યુટર, લેપટોપ, સ્માર્ટફોન ઈન્ટરનેટની સુવીધાઓ સાથે જરૂરી બને છે.
- અધ્યેતાઓ તેમના સાથીઓની સાથે જોડાવાથી ઘણું શીખે છે જે ઓનલાઈન શિક્ષણમાં શક્ય બનતું નથી.
- શિક્ષકો અને અધ્યેતાઓ બંને પક્ષે ઓનલાઈન શિક્ષણ માટે સાધનો ઉપયોગ કરવાની આવડત અને કૌશલ્ય હોવું આવશ્યક છે.
- ઓનલાઈન શિક્ષણ આપવા શાળાઓએ સાધનો વસાવવા ખર્ચાળ બની રહે છે.
- સતત સ્ક્રીનની સામે જોવાથી આંખો નબળી પડે છે.
- અધ્યેતાઓ સ્ક્રીન સમક્ષ અને ઘરે હોવાથી નિશ્ચિત સ્થિતિ શિસ્તમાં બેસીને શિક્ષણ પ્રાપ્ત કરતા નથી જેથી શારીરિક સમસ્યાઓ પણ ઉદ્દભવે છે.

**એકમ-5: કમ્પ્યુટર શિક્ષણ અને મૂલ્યાંકન**

**5.1 મૂલ્યાંકનની સંકલ્પના અને સિદ્ધાંતો**

**5.2 આદર્શ પ્રશ્નપત્રનાં લક્ષણો**

**5.3 વિવિધ પ્રકારના મૂલ્યાંકન પ્રશ્નો (સંકલ્પના તથા સંરચના સંદર્ભે વસ્તુલક્ષી પ્રશ્નો, ટુંકોતરી પ્રશ્નો, નિબંધાત્મક પ્રશ્નો)**

**પ્રસ્તાવના:**

શિક્ષણ જે હેતુઓ સિદ્ધ કરવા માટે આપવામાં આવેલ છે તે હેતુઓ સિદ્ધ થયા કે નહી તે માટે મૂલ્યાંકન કરવામાં આવે છે. મૂલ્યાંકનની પ્રક્રિયામાં મુખ્ય ચાર તબકક્કાઓ છે : પરીક્ષણ, કસોટી, માપન અને મૂક્યાંકન. આ ચાટેલ તબકકાઓનાં અંતે મળતા પરીભ્રમો અચેતાઓની સિદ્ધિ રજુ કરે છે. આથી શિક્ષણ બાદ હેતુઓ કેટલા પ્રમાણમાં સિદ્ધથયા તે માટે મૂલ્યાંકન ખૂબ જ જરૂરી બની રહે છે.

**5.1 મૂલ્યાંકનની સંકલ્પના અને સિદ્ધાંતો**

**સંકલ્પના:**

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

અસરકારક અધ્યાપનકાર્ય બાદ અત્યંતાઓ કેટલા પ્રમાણમાં સમજૂતી મેળવી રકથા અને શિક્ષણનાં હેતુઓ કેટલા પ્રમાણમાં સિધ્ધ થયા તે માટે મૂલ્યાંકન કરવામાં આવે છે. મૂલ્યાંકનની સંધી છૂટી પાડતા બે શબ્દો સામે આવે છે. મૂલ્ય અને અંકન. અયંતાઓએ પ્રાસ કરેલા શાન અને મલ્યોનું અંકન કે માવન કરવું એટલે મૂલ્યાંકન. અધ્યેતાઓના અધ્યયન વિશે પુરાવાઓ એકઠા કરવાની પ્રક્રિયા એટલે મૂલ્યાંકન. – સ્ટેન્લી

મૂલ્યાંકનએ અધ્યેતાઓના વર્તનનાં ગુણાત્મક વર્ણનો છે. – નન્લે

મૂલ્યાંકન એ વર્તન ફેરફારોનાં પુરાવાઓ એકત્રિત કરવાની પ્રણાલી છે, જેના દ્વારા એ ફેરફારોની દિશાઓ અને સીમાનો નિર્ણય કરવામાં આવે છે. - વી.કે.કોહલી

અધ્યેતાઓએ શૈક્ષણિક ધ્યેયો કેટલે અંશે સિધ્ધ કર્યા છે, તે જાણવાની પધ્ધતિસરની પ્રક્રિયા એટલે મૂલ્યાંકન.
– ગ્રોન લુન્ડ

## સિધ્ધાંતો

સૌપ્રથમ વોટસને મૂલ્યાંકનની અનાત્મલક્ષી પ્રક્રિયા શરૂ કરી. ત્યારબાદ શિક્ષણક્ષેત્રે મૂલ્યાંકનનાં અલગ અલગ સિધ્ધાંતો વિકસવા લાગ્યા હતાં. મનોવૈજ્ઞાનિકોનાં મતે મૂલ્યાંકનનાં મુખ્ય બે પ્રકારો છેઃ (1) વ્યકિતલક્ષી અને (૨) અનાત્મલક્ષી મૂલ્યાંકન. ભારતીય તત્વચિંતકોનાં મતે અન્ય બે પ્રકારો પાડવામાં આવેલ છેઃ (1) સંખ્યાત્મક અને (૨) ગુણાત્મક મૂલ્યાંકન. આ રીતે મૂલ્યાંકનનાં સિધ્ધાંતોને બે રીતે વર્ગીકૃત કરેલ છે જેની વિગતે માહિતી નીચે મુજબ છે.

## વ્યકિતલક્ષી મૂલ્યાંકન

વ્યકિતલક્ષી મૂલ્યાંકનની વ્યાખ્યા થોડી મૂંઝવણભરી લાગશે. વાસ્તવિક વિશ્વનાઉદાહરણોની સાથે તેને સમજવુ વધુ સરળ બની રહે છે. માનો કે આપ કમ્પ્યુટર વિજ્ઞાનપુસ્તક વાંચતા હોવ ત્યારે કેટલાક લોકો કમ્પ્યુટર વિજ્ઞાન સાહિત્યનો આનંદ માણતા હોય છે, જયારે કેટલાક લોકો રોમાંસનો આનંદ લે છે. તેમના વ્યકિતલક્ષી અર્થઘટન દ્વારા દરેક વ્યકિત વિચારે છે કે એક શૈલી બીજા કરતા વધુ સારી છે. પરંતુ, વાસ્તવિક્તામાં તેઓ ફકત તેમની વ્યક્તિગત રૂચી અને પસંદગીઓ પર આધારે રાખે છે. જયારે શિક્ષકો તે જ રીતે કોઇ અધ્યેતાનાં પ્રદર્શનનું મૂલ્યાંકન કરે છે, ત્યારે તે મૂલ્યાંકનનાં વ્યક્તિલક્ષી પગલાઓ પર પણ આધાર રાખે છે. આ મૂલ્યાંકન અમૂર્ત લાક્ષણિકતાઓ વિશેનાં મંતવ્યો પર આધાર રાખે છે. વ્યક્તિલક્ષી મૂલ્યાંકનનાં માપદંડો નિરીક્ષકનાં આધારે અલગ અલગ હોય શકે. આથી આ મૂલ્યાંકન વૈજ્ઞાનિક રીતે થતુ નથી તેમા આત્મલક્ષીતા જોવા મળે છે. વ્યકિતલક્ષી મૂલ્યાંકનએ લેખન વિભાગ પર આધારીત છે. વિષયોની તમારી સમજ પ્રમાણે ઉતરવહી તમે જે લખ્યુ છે તેનાં આધારે મૂલ્યાંકન કરે દરેક ઉતરવહી જવાબો જુદા હોય આ થતું મૂલ્યાંકન આપણે ધોરણથી જોઇ

## અનાત્મલક્ષી મૂલ્યાંકન

અનાત્મલક્ષી મૂલ્યાંકનમાં ઉદેશ્ય કામગીરીનું મૂલ્યાંકન, માપી શકાય તેવા માપન કરવાનો પ્રયાશ છે. અનાત્મલક્ષી મૂલ્યાંકન મોટે ગણિત, વિજ્ઞાન, કમ્પ્યુટર જેવા વિષયોમાં થાય જયાં, પરીક્ષણ પરનાં દરેક પ્રશ્નોમાં એક સાચો હોય માપી તેવા માપદંડમાં કાગળની ગણતરી, ભાષણનો સમય, ચોપડીમાં વ્યાકરણની ભૂલોની સંખ્યા સમાવેશ છે. કલા અને લેખન ક્ષેત્રોમાં સંપૂર્ણપણે અનાત્મલક્ષી મૂલ્યાંકન કરવું મુશ્કેલ છે. અનાત્મલક્ષી મૂલ્યાંકન વૈજ્ઞાનિક ધોરણે યોગ્ય છે, લાક્ષણિકતાઓ નીરીક્ષક નહી શિક્ષક આધુનિક રીત છે.
આપેલા પ્રશ્ન માટે તમારી પાસે પ્રશ્નનાં જવાબની પસંદગી છે. કોઇપણ પસંદગી છે તમે તેનાં સંપૂર્ણ ગુણ મેળવશો જોકે ખોટા જવાબનાં કિસ્સામાં કઠીનતા મૂલ્યનાં આધારે માઇનસ સીસ્ટમ પણ શક્ય બને આ પ્રશ્નોનાં સામાન્ય રીતે માટે હોય દા.ત.,

SHREE H.N.SHUKLA GROUP OF B.ED COLLEGE RAJKOT

**ભારતીય તત્વચિંતકો**

**ગુણાત્મક મૂલ્યાંકન**

ગુણાત્મક મૂલ્યાંકન આપને પ્રોગ્રામ અથવા પ્રક્રિયાની ઉંટાણપૂર્વકની સમજ પ્રાપ્ત કરવાની ક્ષમતા પ્રદાન છે. શા માટે અને કેવી રીતે પ્રશ્નોનો સમાવેશ થાય છે. તેમાં ડેટા એકત્રિત માટે આપે માત્રાત્મક ડેટા પર ધ્યાન કેન્દ્રિત કર્યુ તો વિવિધ ઉપકરણોનો ઉપયોગ કરવો જરૂરી બની આ ડેટા કેટલીક સામાન્ય ઉપયોગમાં લેવામાં આવતી પદ્ધતિઓમાં ઈન્ટવ્યુ,ફોકસ જૂથ, દસ્તાવેજ, સામગ્રીસમીક્ષા અને એથ્નોગ્રાફીક ભાગીદારી નિરીક્ષણ સામેલ છે. દા.ત., શાળા છોડવાનો દર, પદાર્થોનો દૂરઉપયોગ કરવાનો દર વગેરેનો સમાવેશ કરી શકાય. પરિણામોનાં વિશ્લેષણ માટે આ ડેટાઓનો ઉપયોગ થઈ છે.

**સંખ્યાત્મક મૂલ્યાંકન**

સંખ્યાત્મક મૂલ્યાંકન પરીણામલક્ષી છે તમારે તમારા પ્રોજેક્ટ માટે પૂર્વ વ્યાખ્યાયિત પરિણામો આપવાનાં રહે છે. ત્યારબાદ આંકટડાકીય માહિતીનો ઉપયોગ કરીને આ પરિણામનાં સંદર્ભમાં તમારો પ્રોગ્રામ કેવી રીતે કરી રહયા છો તે જોવા માટે પરીક્ષણ કરવામાં આવશે. દા.ત., કોઈ સામાજિક સમસ્યાને ધ્યાનમાં લઈ આપ પ્રશ્નાવલી તૈયાર કરી લોકોનાં પ્રતિસાદો મેળવી તેનું વિશ્લેષણ કરો.

સંખ્યાત્મક મૂલ્યાંકનથી પ્રાપ્ત થતા ડેટા પર અંકશાસ્ત્રીય પદ્ધતિઓ અમલમાં મુકી તેનું મૂલ્ય આંકી શકાય છે. આ માટે દરેક વખતે માહિતી પ્રાપ્ત કરવા માટે જરૂરી નથી કે ઉપકરણ તૈયાર કરવું, ગૌણ ડેટા પર પણ આ મૂલ્યાંકન કરી શકાય છે. આ મૂલ્યાંકન એવા પ્રોજેક્ટ માટે ઉપયોગી બની રહે છે જેનો હેતુ કોઈ ચોકકસ, પૂર્વવ્યાખ્યાયિત પરિણામોને અસર કરે છે. દા.ત., શાળાનાં વિદ્યાર્થીઓનાં ગ્રેડમાં સુધારો. આ મૂલ્યાંકન માટે મોટા પ્રમાણમાં નિદર્શ હોવું જરૂરી બને છે. જેથી આવતા પરીણામો લાંબાગાળા માટે અમલમાં મૂકી શકાય.

**5.2 આદર્શ પ્રશ્નપત્રનાં લક્ષણો**

* પ્રશ્નપત્ર અધ્યેતાઓની વયકક્ષા, પરીપકવતાને અનુરૂપ હોવું જોઈએ.
* શિક્ષણનાં બધા જ હેતુઓની ચકાસણી કરતા પ્રશ્નો પુછવામાં આવેલા હોવા જોઈએ.
* પ્રશ્નપત્ર વિશ્વસનીય હોવુ જોઈએ એટલે કે તેના પ્રશ્નોનાં ઉતરો ચોકકસ હોવા જોઈએ.
*પ્રશ્નપત્રમાં પુછવામાં આવેલા પ્રશ્નો તમામ અભ્યાસક્રમનાં એકમોને આવરી લેતા હોવા જોઈએ.
*પ્રશ્નપત્રનાં પ્રશ્નોનું તારવણી મૂલ્ય યોગ્ય હોવું જોઈએ.
* પ્રશ્નપત્રોનાં પ્રશ્નોનું કઠીનતા મૂલ્ય યોગ્ય હોવું જોઈએ.
* પ્રશ્નપત્રનું સ્વરૂપ યોગ્ય હોવું જોઈએ, વિભાગવાર, એકમને અનુરૂપ પ્રશ્ન પ્રકાર મુજબનાં પ્રશ્નો પુછવા જોઈએ.
* પ્રશ્નપત્રની રજૂઆત, છાપણી, ભાષા યોગ્ય રીતે અધ્યેતા સમજી શકે તેવી હોવી જોઈએ.
* પ્રશ્નપત્ર વિશ્વસનીય અને પ્રમાણભૂત હોવું જોઈએ.
* પ્રશ્નપત્ર બ્લુપ્રીન્ટ અનુરૂપ હોવું જોઈએ.
* પ્રશ્નપત્ર સમયમર્યાદામાં લખી શકાય તે મુજબનું હોવું જોઈએ.

* પ્રશ્નપત્રનાં પ્રશ્નો અધ્યેતાને ગુંચવણ અનુભવે તેવા ન હોવા જોઈએ તેની ખાસ કાળજી લેવામાં આવવી જોઈએ.

**5.3 વિવિધ પ્રકારના મૂલ્યાંકન પ્રશ્નો (સંકલ્પના તથા સંરચના સંદર્ભે વસ્તુલક્ષી પ્રશ્નો, ટૂંકોતરી પ્રશ્નો, નિબંધાત્મક પ્રશ્નો)**

**વસ્તુલક્ષી પ્રશ્નો**

વસ્તુલક્ષી પ્રશ્નોને હેતુલક્ષી પ્રશ્નો અથવા અનાત્મલક્ષી પ્રશ્નોનાં નામે પણ ઓળખવામાં આવે છે. વસ્તુલક્ષી પ્રકારનાં પ્રશ્નોનો મુખ્ય હેતુ અધ્યેતાનું જ્ઞાન ચકાસવાનો હોય છે. વસ્તુલક્ષી પ્રશ્નોનાં ઉતરો અત્યંત ટૂંકા, એક શબ્દનાં કે શબ્દસમૂહમાં આવતા હોય છે. અનાત્મલક્ષી પ્રશ્નોની સૌ પ્રથમ રજૂઆત અમેરીકાનાં ડો. રાઈસ દ્વારા

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

કરવામાં આવી હતી. ભારતમાં આ પ્રશ્નોની સંપૂર્ણ રજૂઆત બેન્જામીન બ્લૂમ દ્વારા કરવામાં આવી હતી.
અનાત્મલક્ષી પ્રશ્નોનાં વિવિધ પ્રકારો નીચે મુજબ છેઃ

**ખરાખોટા પ્રકારના પ્રશ્નો:**

પ્રશ્નમાં આપેલ વિધાનો સાચા છે કે ખોટા તે પ્રશ્નની સામે આપેલા ખાનામાં સાચા કે ખોટા નિશાની કરી ઉત્તર આપવાનાં હોય છે. આવા પ્રકારનાં પ્રશ્નોની રચના શાસ્ત્રીય રીતે કરવી જોઈએ. આવા વિધાનો સાદા, સરળ, સ્પષ્ટ અને ટૂંકા હોવા જોઈએ. વિધાનો સાચા છે કે ખોટા તે અંગે શંકા ન ઉદભવે તેવી ભાષાનો ઉપયોગ કરવો જોઈએ.

**ખરાખોટા જોડકા બહુ વિકલ્પ ક્રમનિર્ધારણ**

એક વિધાન એક જ વિચાર રજુ કરે તેવુ અને અટકળ પોષક ન હોવુ જોઈએ.
દા.ત., કમ્પ્યુટરની રચના કેલ્વીન દ્વારા કરવામાં આવી હતી.

**જોડકા પસંદગી પ્રશ્નો:**

આ પ્રકારનાં પ્રશ્નોમાં બે વિભાગો આપેલા હોય છે. બંને વિભાગોમાં એકબીજા વિભાગને અનુરૂપ માહિતીઓ આપેલ હોય છે. આ વિભાગોમાંથી એક વિભાગને અનૂરૂપ બીજા વિભાગનો કયો વિકલ્પ બંધ બેસે છે તેની પસંદગી કરવાની હોય છે. જોડકા બનાવતી વખતે ધ્યાનમાં રાખવુ કે એક વિભાગને અનુરૂપ એક જ બંધ બેસતી માહિતી બીજા વિભાગમાં હોવી જોઈએ. દા.ત.,

| અ | બ |
|---|---|
| કમ્પ્યુટરનાં શોધક | રે જહોનસન |
| આઈસી ચીપનાં શોધક | ચાર્લ્સ બેબેજ |
| પ્રીન્ટરનાં શોધક | કિલ્બી |
| હાર્ડ ડિસ્કનાં શોધક | ગુટનબર્ગ |

**બહુવિકલ્પ પ્રશ્નો:**

બહુવિકલ્પ પ્રકારનાં પ્રશ્નોમાં બે પ્રકારનાં પ્રશ્નો જોવા મળે છે. (1) પ્રશ્ન અને તેનાં ઉતર માટે ચાર વિકલ્પો આપવામાં આવેલા હોય છે. ચાર વિકલ્પોમાંથી એક વિકલ્પ સાચો અને બાકીનાં ત્રણ વિકર્ષકો હોય છે. (૨) પ્રશ્ન પહેલા એક ફકરો આપવામાં આવે છે જેમાંથી પ્રશ્નો પુછવામાં આવ્યા હોય છે. આ ફકરાની નીચે પ્રશ્નો અને તેનાં ચાર વિકલ્પો આપવામાં આવે છે. ફકરો વાંચી અધ્યેતાઓએ ઉતરોનાં વિકલ્પોમાંથી એક વિકલ્પ પસંદ કરવાનો હોય છે.

બહુવિકલ્પ પ્રશ્નો તૈયાર કરતી વખતે વિકર્ષકો યોગ્ય પસંદ કરવા જોઈએ જેથી જવાબનો અનુમાન ન આવી શકે. નકારાત્મક વિધાનો દર્શાવતા પ્રશ્નો ન બનાવવા જોઈએ. વિકલ્પોમાં માત્ર એક જ સાચો ઉતર મળે તેવા વિકલ્પો રરચવા જોઈએ. વિકલ્પોની રજૂઆત પણ તાર્કિક ક્રમમાં થવી જોઈએ.

**ક્રમનિર્ધારણ પ્રકારના પ્રશ્નો:**

ક્રમનિર્ધારણ પ્રકારનાં પ્રશ્નોમાં હકીકતો કે બનાવો પરથી પ્રશ્નો રચવામાં આવે છે. આવા પ્રકારનાં પ્રશ્નો ત્રણ સ્વરૂપે રચવામાં આવે છે. (1) ખાલી જગ્યા પ્રકારનાં પ્રશ્નો. ખાલીજગ્યા પુરવા માટે ઉતરનાં વિકલ્પો આપવામાં આવતા નથી. આ પ્રશ્નોનાં ઉતરો એક શબ્દ કે નિશ્ચિત સંખ્યામાં હોય છે. (૨) અત્યંત ટૂંકજવાબી પ્રશ્નો. પ્રશ્નોનાં ઉતરો અત્યંત ટૂંકા એક જ શબ્દમાં કે વાકયમાં આવતા હોય છે. (3) સાદશ્ય કસોટી. કસોટીનાં પ્રશ્નો એવી રીતે પુછવામાં આવે છે કે ઉતર માટે ઉદાહરણનો સંદર્ભ મળી રહે છે.દા.ત., ડોક્યુમેન્ટ સ્કેન કરવાઃ સ્કેનર, ડોકયુમેન્ટની હાર્ડકોપી મેળવવાઃ

SHREE H.N. SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

**ટૂંકોતરી પ્રશ્નો**
ટૂંકોતરી પ્રશ્નોને લઘુજવાબી કે ટૂંકજવાબી પ્રશ્નો તરીકે ઓળખવામાં આવે છે. પ્રશ્નોનાં ઉતરો પાંચથી છ વાકયો સુધીમાં આવે તે હોવા જોઈએ. પ્રશ્નો તેનાં વિષયવસ્તુ, ઉતરોની લંબાઈ, અધ્યેતાને ઉતર માટે લાગતો સમય, ગુણાંકનને અનુરૂપ હોવા જોઈએ. ટૂંકોતરી પ્રશ્નોમાં જણાવો, યાદી તૈયાર કરો, વર્ગીકરણ કરો, કારણ આપો વગેરે જેવા શબ્દોનો ઉપયોગ થતો હોય છે. પ્રશ્નની રચના એવી રીતે કરવી કે અધ્યેતા સ્મૃતિ આધારિત ઉતર આપી શકે. પ્રશ્નની ભાષા સ્પષ્ટ હોવી જોઈએ.
દા.ત., પ્રિન્ટરનાં વિવિધ પ્રકારો જણાવો.
સ્કેનરની ઉપયોગીતા દર્શાવો.

**નિબંધાત્મક પ્રશ્નો**
નિબંધાત્મક પ્રશ્નોને મુદાસર પ્રશ્નો અને વિસ્તૃત પ્રશ્નો તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પ્રશ્નોનાં ઉતરો આપતી વખતે અધ્યેતા વિષયવસ્તુ પ્રત્યેનાં પોતાનાં વિચારો મુક્તપણે રજુ કરી શકતા હોવાથી તેને મુકત જવાબી પ્રશ્નો તરીકે પણ ઓળખવામાં આવે છે. નિબંધાત્મક પ્રશ્નો અધ્યેતાની લેખિત અભિવ્યકિતનું માપન કરે છે.

નિબંધાત્મક પ્રશ્નોમાં અધ્યેતાને ચર્ચા કરો, વર્ણવો, વિવેચન કરો, આકૃતિસહ સમજાવો, વિસ્તૃત સમજૂતી આપો, સવિસ્તાર વર્ણવો, વગેરેનો સમાવેશ થાય છે. નિબંધાત્મક પ્રશ્નોમાં બે પ્રકારનાં પ્રશ્નો જોવા મળે છે :

**(1) વિસ્તૃત ઉતરવાળા પ્રશ્નો**
પ્રશ્નોનાં ઉતરો અધ્યેતા પોતાની સમજથી આપી શકે છે. ઉતરોની લંબાઈ નિશ્વિત હોતી નથી. અધ્યેતાની સમજ અને કૌશલ્ય ચકાસવા માટે વિસ્તૃત જવાબી પ્રશ્નો પુછવામાં આવે છે. અધ્યેતા વિષયવસ્તુને પોતાનાં શબ્દોમાં અભિવ્યકત કરવાની તક ધરાવે છે.

**(2) મર્યાદિત ઉતરવાળા પ્રશ્નો**
ઉતરોની લંબાઈ પ્રશ્નમાં જ નિશ્ચિત થતી જોવા મળે છે એટલે કે પ્રશ્નની રચનાએવી રીતે કરવામાં આવે છે કે પરીક્ષક ઉતરમાં શું લખવું તે પ્રશ્નમાં જ દર્શાવે છે. અધ્યેતાનું વિષયવસ્તુ સંબંધિત ઉંડુ જ્ઞાન ચકાસવા આ પ્રશ્નો પુછવામાં આવે છે. દા.ત., કોમ્પ્યુટરનાં ફાયદા અને મર્યાદાઓ વર્ણવો.

**એકમ - 6 : ક્રિયાત્મક સંશોધન**

**6.1 ક્રિયાત્મક સંશોધનઃ સંકલ્પના**

**6.2 ક્રિયાત્મક સંશોધનનાં સોપાનો**

**6.3 ક્રિયાત્મક સંશોધનનું મહત્વ**

**પ્રસ્તાવના**
ક્રિયાત્મક સંશોધનનાં જનક કર્ટ લેવિનને માનવામાં આવે છે. તેઓએ વાસ્તવિક જીવનમાં ઉદભવતી સમસ્યાઓનાં ઉકેલ મેળવવા માટે સૌપ્રથમ ક્રિયાત્મક સંશોધનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. રાઈટ સ્ટોને સંશોધન ક્રિયાત્મક એવો શબ્દપ્રયોગ 1949માં કર્યો હતો. શૈક્ષણિક ક્ષેત્રે ક્રિયાત્મક સંશોધનને લોકપ્રિય

SHREE H.N. SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

બનાવવાનો શ્રેય સ્ટીફન કોરેનાં ફાળે છે. ક્રિયાત્મક સંશોધનનાં ઉપયોગથી સમસ્યાનું સમાધાન મેળવવું એ એક વૈજ્ઞાનિક માર્ગ છે.

**6.1 ક્રિયાત્મક સંશોધનઃ સંકલ્પના**

ક્રિયાત્મક સંશોધન શબ્દની સંધી છુટી પાડતા તેનો અર્થ સ્વયં સ્પષ્ટ થાય છે. ક્રિયા દ્વારા સમસ્યાનાં ઉકેલનું શોધન કરવું એટલે ક્રિયાત્મક સંશોધન. શિક્ષણ ક્ષેત્રે ક્રિયાત્મક સંશોધનનો ઉપયોગ અધ્યાપન કાર્ય દરમ્યાન અધ્યાપકને ઉદભવતી સમસ્યાઓનો ઉકેલ મેળવવા માટે કરવામાં આવે છે.
ક્રિયાત્મક સંશોધન એ કેળવણી શિક્ષણની નાની સિંચાઇ યોજનાઓ છે. – ગુણવંત શાહ

પ્રક્રિયા કે જેના દ્વારા વ્યાવસાયીઓ પોતાના નિર્ણયો અને કાર્યોનાં માર્ગદર્શન, સુધારણા અને મૂલ્યાંકનનાં હેતુસર તેઓની સમસ્યાનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરે છે તેને ક્રિયાત્મક સંશોધન કહે છે. -ડો. કે. પી. પાંડે

ક્રિયાત્મક સંશોધન એ સામાન્ય રીતે શાળાઓમાં સમગ્ર પરિસ્થિતિનાં સંદર્ભમાં શાળા સમસ્યાઓને ઉકેલવા માટે હાથ ધરાતી સંશોધનાત્મક પ્રક્રિયા છે અને સંશોધન તજજ્ઞોની સલાહ અને સહકાર દ્વારા શિક્ષકો વડે તેમની શૈક્ષણિક પ્રવૃતિઓના ભાગ રૂપે આ હાથ ધરાતો હોય છે. – ગુડ

સામાન્ય શિક્ષક કે સંચાલક પોતાને નડતી સમસ્યાઓને વૈજ્ઞાનિક ઢબે ઉકેલવા પ્રયાસ કરે, પૂર્વગ્રહ કે પક્ષપાત વિના વૈજ્ઞાનિક અને પરલક્ષી દષ્ટિથી સંશોધન હાથ ધરે અને પોતાના સંચાલન કે વર્ગવ્યવહાર સુધારણામાં તેનાં નિષ્કર્ષો કામે લગાડે તેને ક્રિયાત્મક સંશોધન કહે છે. - મોતીભાઈ પટેલ

ક્રિયાત્મક સંશોધનનો હેતુ શાળા અને શૈક્ષણિક પ્રક્રિયાઓમાં સુધારણાનો છે અને જેઓ આ સુધારણા કરવા માગે છે તેઓને પણ સુધારવાનો છે. - જહોન બેસ્ટ

ઉપરોકત વ્યાખ્યા પરથી કહી શકાય કે, ક્રિયાત્મક સંશોધન એટલે શિક્ષક દ્વારા, શિક્ષકો માટે શિક્ષકોનું સંશોધન. ક્રિયાત્મક સંશોધન એટલે શિક્ષકોને ઉદભવતી સમસયાઓનાં ઉકેલ માટે શિક્ષકો દ્વારા હાથ ધરાતું સંશોધન. સંશોધનનાં પરીણામોનો ઉપયોગ અન્ય શિક્ષકો સમાન પરિસ્થિતમાં સંદર્ભ તરીકે લઈ શકે છે. શિક્ષકો પ્રત્યક્ષ રીતે સ્વયંને અધ્યાપન દરમ્યાન ઉદભવતી સમસ્યાઓનાં ઉકેલ માટે સંશોધન હાથ ધરતા હોય છે આથી તેને વ્યકિતગત સંશોધન પણ કહી શકાય. સંશોધન નાના જૂથ પર કરવામાં આવતુ હોવાથી તેનાં પરીણામો સમગ્ર શાળાને લાગુ પાડી શકાતા નથી. આમ, ક્રિયાત્મક સંશોધનને લઘુ સંશોધન તરીકે પણ ઓળખવામાં આવે છે.

**6.2 ક્રિયાત્મક સંશોધનનાં સોપાનો**

ક્રિયાત્મક સંશોધન એ જરૂરીયાત અને પરિસ્થિતિ અનુસાર સમસ્યાનો સમયનાં ટૂંકાગાળામાં ઉકેલ શોધવાનો માર્ગ છે. ક્રિયાત્મક સંશોધનનાં સોપાનો સમજવાથી તેનું સ્વરૂપ પણ સ્પષ્ટ થાય છે. ક્રિયાત્મક સંશોધનનાં કુલ આઠ સોપાનો છે.

(1) સમસ્યા

(2) તારણો, પરિણામ, અનુકાર્ય

(3) સમસ્યા ક્ષેત્ર

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

(4) મૂલ્યાંકન

(5) સમસ્યાનાં સંભવિત કારણો

(6) પ્રયોગની રૂપરેખા

(7) પાયાની જરૂરી માહિતી

(8) ઉત્કલ્પના

**સમસ્યા :**
ક્રિયાત્મક સંશોધનનું આ પ્રથમ સોપાન છે. ક્રિયાત્મક સંશોધનનો આરંભ સમસ્યાથી થાય છે. રોજબરોજનાં શિક્ષણ કાર્યમાં ઉદભવતી સમસ્યાઓનો ઉકેલ મેળવવા સંશોધન હાથ ધરવામાં આવે છે. સંશોધન કરતા પહેલા સમસ્યાને સ્પષ્ટ શબ્દોમાં વિધાન સ્વરૂપે લખવામાં આવે છે. તે પરથી સંશોધનનું ક્ષેત્ર અને તેની મર્યાદાઓ નકકી કરવામાં આવે છે. સમસ્યા પરથી ખ્યાલ આવે છે કે તે કઇ કક્ષાનાં અધ્યેતાઓને અસર કરે છે અને કયા વિષયને અસર કરે છે. દા.ત., આઠમાં ધોરણનાં વિદ્યાર્થીઓ કમ્પ્યુટરનાં સ્વાધ્યાય કાર્યમાં અનિયમિત રહે છે.

**સમસ્યાક્ષેત્ર :**
સમસ્યાને વિધાન સ્વરૂપે લેખિત દર્શાવ્યા બાદ તેનાં હેતુઓની સ્પષ્ટતા માટે અને સંશોધનકાર્યની સુગમતા માટે સમસ્યાક્ષેત્ર નકકી કરે છે. સંશોધન કઇ શ્રેણી પર હાથ ધરેલ, કેટલા વિધાર્થીઓ સુધી મર્યાદિત છે તે બાબતો જાણી તેનું ક્ષેત્ર નકકી કરી શકાય છે. દા.ત., વિધાર્થીઓ કમ્પ્યુટરનાં સ્વાધ્યાય કાર્યમાં અનિયમિતતાની સમસ્યાનું ક્ષેત્ર આઠમાં ધોરણનાં વિધાર્થીઓ પુરતુ સીમિત રહેશે.

**સમસ્યાનાં સંભવિત કારણો:**
સમસ્યા અને સમસ્યા ક્ષેત્ર નકકી કર્યા બાદ સમસ્યાનાં સંભવિત કારણો નકકી કરવામાં આવે છે. સંભવિત કારણો શિક્ષક પોતાનાં દૈનિક અવલોકનો અને અનુભવોનાં આધારે નકકી કરે કારણો નકકી થયા બાદ તેને તાર્કીક રીતે ક્રમમાં ગોઠવવામાં આવે છે. આ કારણો લેખિત સ્વરૂપે તૈયાર કરી તેની ચર્ચા સહકાર્યકર્તાઓ સાથે કરવામાં આવે છે. શિક્ષક આ તમામ કારણોની ઝીણવટપૂર્વક વિચારણા કરી તેમાંથી જે કારણો નિવારી શકાય તેવા હોય તેને અલગ તારવે છે. આવા નિવારીત કારણોને અનુલક્ષીને અધ્યેતાઓ પાસેથી ઉપાયો સૂચવવા માટે પ્રશ્નાવલી સ્વરૂપે ઉપકરણ બનાવવામાં આવે છે.

**પાયાની જરૂરી માહિતી:**
શિક્ષકે સમસ્યાનાં સંભવિત કારણો નકકી કર્યા પછી તે હકીકત છે કે ધારણા તે નકકી કરવા જરૂરી માહિતી એકત્ર કરવી પડે છે. માહિતી અધ્યેતાઓ, વાલીઓ, અન્ય અધ્યાપકો પાસેથી મેળવી શકાય છે. માહિતી મેળવવા માટે વિવિધ ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવે છે. જેવાકે, પ્રશ્નાવલી, મનોવલણ માપદંડ, મુલાકાત વગેરે.

**ઉત્કલ્પના:**
સમસ્યાનાં સંભવિત કારણો વિચાર્યા બાદ તેને નિવારવાનાં ઉપાયોની વિચારણા કરવામાં આવે છે. સમસ્યાનો ઉકેલ મેળવવા અધ્યાપક જે વિચારણા કરી વિવિધ માર્ગો વિચારે તેને ઉત્કલ્પના તરીકે ઓળખવામાં આવે છે. ઉત્કલ્પના એ સમસ્યા ઉકેલ માટેનો એક સંભવિત માર્ગ છે. આ માર્ગ પર જતા સમસ્યાનો ઉકેલ મળે પણ ખરા

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

અને ન પણ મળે. અધ્યેતા શકય તેટલા તમામ માર્ગો વિચારે છે જે અંતે ઉકેલ તરફની દિશાનું નિર્દેશન કરે છે. આવી ઉત્કલ્પનાઓ તૈયાર કર્યા બાદ તેને અગ્રતાક્રમ આપવામાં આવે છે.

**પ્રયોગની રૂપરેખા:**
આ તબકકે શિક્ષકે સમસ્યાનાં ઉકેલ માટે કાર્ય કરવાનું હોય છે. સમસ્યા ઉદભવના જે જે કારણો નિવારી શકાય તેવા છે જેના માટે ઉત્કલ્પનાની રચના કરેલ છે તે તમામ વૈચારિક ઉપાયોને અહીં અમલમાં મૂકવામાં આવે છે. ઉત્કલ્પનાઓની ચકાસણી માટેની યોજના આ તબકકે તૈયાર કરી અમલમાં મૂકવામાં આવે છે. આથી આ તબકકાને કાર્ય યોજના તરીકે પણ અળખવામાં આવે છે. આ તબકકે શિક્ષક સલ, કાર્ય કરવા માટે ઉપયોગી સાધનો, કાર્યોનો ક્રમ નકકી કરી તેને અમલમાં મૂકે છે.

**મૂલ્યાંકન:**
સમસ્યાના ઉકેલ માટે અમલમાં મૂકેલ યોજના બાદ પરીણામ શું પ્રામ થયુ તે જાણવા માટે મૂલ્યાંકન કરવું આવશ્યક બની રહે છે. મૂલ્યાંકનનાં આધારે ઉત્કલ્પનાનો સાચી છે કે કેમ તેનો નિર્ણય લઈ શકાય છે. યોજનાની અસરકારકતા ચમાસવા માટે પણ મૂલ્યાંકન જરૂરી બને છે. મૂલ્યાંકન કઈ રીતે કરવામાં આવશે તેની માહિતી પણ આ તબકકે દર્શાવવામાં આવે છે. મૂલ્યાંકન કઈ રીતે કરવું તેનો આધાર સમસ્યાનાં સ્વરૂપ પર રહેલો હોય છે. મૂલ્યાંકન કરવા માટે નીચે મુજબની રીનોનો ઉપયોગ કરી શકાય છે.

**તારણો, પરિણામો અને અનુકાર્ય:**
આ તબકકે મૂલ્યાંકન બાદ કાર્ય યોજના કેટલી સફળ બની તેની માહિતી આપવામાં આવે છે. આ તબકકે પ્રયોગનાં અંતે મળેલા તારણો દર્શાવવામાં આવે છે. પ્રયોગમાં સફળતા મળે તો કયા પરિબળો કે ઉકેલો ભવિષ્યમાં અમલમાં મુકી
અવલોકન
સરખામણી અને અનુમાન
ચાર્ટ
દેખિતો ફેરફાર
કસોટી
શિક્ષક અભિપ્રાયો
અનુભવો
મૂલાકાત
પ્રશ્નોત્તરી શકાય તે અહીં દર્શાવવામાં આવે છે. પ્રયોગ સફળ થાય તો તે કેટલા પ્રમાણમાં સફળ થયો છે તેની નોંધ અહીં કરવામાં આવે છે. પ્રયોગ સફળ ન રહયો હોય તો અનુકાર્ય કરી નવી કાર્ય યોજના વિકસાવવામાં આવે છે. આ નવી યોજનાને ફરી અમલમાં મુકી ફરી મૂલ્યાંકન કરી પરિણમોને અહીં દર્શાવવામાં આવે છે જેથી ભવિષ્યમાં અન્ય અધ્યાપકો તેનો સંદર્ભ અને માર્ગદર્શન મેળવી શકે.

**6.3 ક્રિયાત્મક સંશોધનનું મહત્વ**
- રોજબરોજ શિક્ષણકાર્યમાં ઉદભવતી વિવિધ સમસ્યાઓનાં સમાધાન માટે જરૂરી બની રહે છે.
- વ્યાવહારિક સમસ્યાઓનાં ઉકેલ માટેનો વૈજ્ઞાનિક માર્ગ છે.
- વર્ગખંડ અને શાળાની સમસ્યાઓને ટૂંકાગાળામાં ઉકેલવા માટેની વૈજ્ઞાનિક રૂપરેખા છે.
- સમસ્યાઓનો તાત્કાલિક ઉકેલ મેળવવો શક્ય બને છે.
- પરંપરાગત વાતાવરણમાં પરિવર્તન લાવે છે. સમય અને ખર્ચની દષ્ટિએ પરવળે તેવી પદ્ધતિ છે.
- તર્કબદ્ધ અને વૈજ્ઞાનિક પદ્ધતિ હોવાથી ઉકેલ સરળતાથી મળે છે કોઇ વાદવિવાદ કે ચર્ચા થતી નથી.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- સમસ્યાનાં ઉકેલ માટે મળતા પરિણામો સર્વ સ્વીકૃત બની રહે છે.
- સમસ્યાનો ઉકેલ અધ્યાપક સ્વયં મેળવતા હોવાથી તેનો અમલ સરળતાથી કરી શકે છે.
- અધ્યાપકમાં દરેક સમસ્યાનાં ઉકેલ માટે ક્રિયાત્મક સંશોધનની વૈજ્ઞાનિક રીતનો ઉપયોગ કરવાનું કૌશલ્ય વિકસે છે.

**એકમ - 7 : શાળા શિક્ષણમાં કમ્પ્યુટર**

**7.1 શાળા કક્ષાએ કમ્પ્યુટર લેબનું આયોજન**

**7.2 શાળા કક્ષાએ કમ્પ્યુટર લેબનું મહત્વ**

**7.3 શાળા કક્ષાએ કમ્પ્યુટર લેબની જાળવણી**

**પ્રસ્તાવના :**
કમ્પ્યુટર એ પ્રાયોગિક વિષય છે. કમ્પ્યુટર માત્ર પુસ્તક વાંચી શીખી શકાય અને સૈદ્ધાંતિક બાબતો શીખી તેનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય તેવો વિષય નથી. કમ્પ્યુટરનું જ્ઞાન મેળવવા તેનું પ્રાયોગિક પાસુ અને ઉપયોગનું કૌશલ્ય શીખવું આવશ્યક બની રહે છે. કમ્પ્યુટરને શાળા કક્ષાએ ફરજયાત વિષય બનાવવામાં આવ્યો ત્યારે દરેક શાળાવાર વધુ કમ્પ્યુટરો ન હતા. અધ્યાપક સ્વયં પ્રાયોગિક જ્ઞાન શીખવવા માટે સક્ષમ ન હતા ત્યાર બાદ અધ્યાપકોને પ્રાયોગિક જ્ઞાનની તાલીમ આપી પ્રાયોગિક કૌશલ્ય વિકસાવવામાં આવ્યું. અધ્યાપકો સ્વયં પ્રાયોગિક કાર્ય કરી અધ્યેતાઓને શીખવતા પરંતુ આ સાથે અધ્યેતાઓને પ્રાયોગિક કાર્ય સ્વયં કરવાની તક મળતી ન હતી. પ્રાયોગિક કાર્યની તક દરેક અધ્યેતાને પ્રાપ્ત થાય અને તેઓમાં ઉપયોગનું કૌશલ્ય વિકસે તે માટે અધ્યેતાદીઠ કમ્પ્યુટરની વ્યવસ્થા કરવામાં આવી. આવા કમ્પ્યુટર કક્ષને કમ્પ્યુટર લેબ તરીકે ઓળખવામાં આવે છે.

**7.1 શાળા કક્ષાએ કમ્પ્યુટર લેબનું આયોજન**

શાળા કક્ષાની કમ્પ્યુટર લેબ તરીકે એક અલગ વર્ગખંડ તૈયાર કરવામાં આવે છે. આ લેબમાં દરેક અધ્યેતાદીઠ પર્સનલ કમ્પ્યુટરની વ્યવસ્થા કરવામાં આવે છે. કમ્પ્યુટર લેબમાં એક સાથે ૩૫ થી 40 અધ્યેતાઓ બેસી શકે તેવી વ્યવસ્થા હોય છે. કમ્પ્યુટર લેબની બંને તરફ કમ્પ્યુટરની ગોઠવણી કરવામાં આવે છે અને વચ્ચે અધ્યાપક ચાલી શકે તેટલી જગ્યા રાખવામાં આવે છે. લેબનાં તમામ કમ્પ્યુટરનું સંચાલન કરવા માટે એક મેઈન કમ્પ્યુટર રાખવામાં આવે છે જે અધ્યાપક માટે હોય છે. લેબમાં દરેક કમ્પ્યુટરો વચ્ચે પાર્ટીસન આપી અધ્યેતાવાર અલગ બેઠક વ્યવસ્થા હોય છે. આ પાર્ટીસનનાં કારણે એક અધ્યેતા અન્ય અધ્યેતા શું કરી રહયા છે તે જોઇ શકતા નથી અને પોતાનું ધ્યાન સરળતાથી કેન્દ્રિત કરી શકે છે. અધ્યેતાને બેસવા માટે ખુરશીની વ્યવસ્થા રાખવામાં આવે છે. અધ્યાપક દરેક અધ્યેતા પોતાના કમ્પ્યુટર પર શું કરી રહયા છે તેની માહિતી પોતાના કમ્પ્યુટર પર જોઇ શકે છે અને સમસ્યારૂપ પ્રયોગોનું નિર્દેશન પણ કરી શકે છે. લેબ નું વાતાવરણ હવા ઉજાસવાળુ હોય છે અને પુરતા પંખાઓની વ્યવસ્થા પણ રાખવામાં આવે છે જેથી કમ્પ્યુટરનાં વીજજોડાણોને કારણે ગરમી ન ઉદભવે. લેબમાં અધ્યેતાઓ માટે એક કમ્પ્યુટર, માઉસ, કીબોર્ડની વ્યવસ્થા રાખવામાં આવે છે જરૂર જણાય ત્યારે અધ્યાપક અધ્યેતાઓને ઈન્ટરનેટ જોડાણની સુવિધા પણ આપી શકે તેવી વ્યવસ્થા રાદવામાં આવે છે.

**7.2 શાળા કક્ષાએ કમ્પ્યુટર લેબનું મહત્વ**

- અધ્યેતાઓમાં ઉત્સાહ, ચપળતા, ચોકકસાઇ જેવા ગુણોનો વિકાસ થાય છે.
- અધ્યેતાઓને સૈદ્ધાંતિક જ્ઞાનને અમલમાં મૂકવાની તક મળી રહે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- કમ્પ્યુટરનો ઉપયોગ કરવાનું કૌશલ્ય વિકસે છે.
- અધ્યેતાઓની કમ્પ્યુટર ઉપયોગીતાની ઝડપ વધે છે અને આ કૌશલ્યનો ઉપયોગ તેઓ રોજિંદા જીવનમાં પણ કરી શકે છે.
- પ્રાયોગિક કાર્ય દરમ્યાન અધ્યાપકની મદદથી શિક્ષક વિદ્યાર્થીઓ વચ્ચેનાં સંબંધો વિકસે છે.
- પ્રાયોગિક કાર્ય સફળ થતા વિદ્યાર્થી સ્વનો આનંદ મેળવે છે.
- કમ્પ્યુટર જેવા સાધનો દરેક અધ્યેતાઓ પાસે ન હોવાથી શાળા કક્ષાએ લેબનો ઉપયોગ કરી દરેક અધ્યેતા તે જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.
- અધ્યેતાઓ પ્રાયોગિક કાર્ય કરી શકે છે જેથી તેઓનાં આત્મવિશ્વાસમાં પણ વધારો થતો જોવા મળે છે.
- અધ્યેતા આધુનિક યુગ સાથે કદમથી કદમ મીલાવી ચાલી શકે છે.
- શાળા કક્ષાએ એક લેબમાં તમામ વયકક્ષાનાં અધ્યેતાઓને કમ્પ્યુટર શીખવી શકાય છે.

**7.3 શાળા કક્ષાએ કમ્પ્યુટર લેબની જાળવણી**

- કમ્પ્યુટર લેબની જવાબદારી સંભાળી શકે તે માટે માત્ર અધ્યાપક જ નહી પરંતુ તે ઉપરાંત ટેકનીકલ સમસ્યાઓ જાણી તેને દૂર કરી શકે તેવા કમ્પ્યુટર લેબ આસિસ્ટન્ટની પણ નિયુકિત શાળા કક્ષાએ કરવામાં આવે છે.
- શાળામાં કેટલા કમ્પ્યુટરને લગતા સાધનો આવ્યા તેની નોંધ કરવા માટે એક નોંધપોથી તૈયાર કરવામાં આવે છે જેથી તમામ સાધનોની માહિતી મળી રહે.
- સમયે સમયે કમ્પ્યુટરને અપડેટ કરી તેની ટેકનીકલ સમસ્યાઓ હોય તો તેને દૂર કરવામાં આવે તેવી વ્યવસ્થા હોય છે જેથી કમ્પ્યુટરની જાળવણી લાંબા સમય માટે શક્ય બને.
- અધ્યેતાઓ લેબમાં પ્રવેશે ત્યારે કમ્પ્યુટર ઓન કરવા અને તાસ પૂર્ણ થયા બાદ કમ્પ્યુટરને બંધ કરવાની વ્યવસ્થા લેબ આસિસ્ટન્ટને સોંપવામાં આવે છે જેથી વીજ પાવરનો યોગ્ય ઉપયોગ શકય બને.
- કમ્પ્યુટર લેબમાં કેમેરાની વ્યવસ્થા કરવામાં આવે છે જેથી તાસ દરમ્યાન થતી ગતિવીધીઓ પર નજર રાખી શકાય.
- કમ્પ્યુટર લેબમાં અધ્યેતાઓ દરેક કમ્પ્યુટર પર થતાં કાર્યની ગતિવિધી જોઇ શકે તે માટે મેઈન કમ્પ્યુટરની વ્યવસ્થા કરવામાં આવે છે.

**એકમ - 8 : કમ્પ્યુટરનાં સાધનોનો ઉપયોગ કરી તાસપાઠ આયોજન**

**8.1 કમ્પ્યુટરનાં સાધનોનો ઉપયોગ કરી તાસપાઠ આયોજન માટેનું ફોર્મેટ**

**8.2 કમ્પ્યુટરનાં સાધનોનો ઉપયોગ કરી તાસપાઠ આયોજનનો નમૂનો**

8.1 કમ્પ્યુટરનાં સાધનોનો ઉપયોગ કરી તાસપાઠ આયોજન માટેનું ફોર્મેટ તાસપાઠ આયોજનનું ફોર્મેટ અધ્યેતાઓ કમ્પ્યુટરનાં વર્ડ સોફટવેરનો ઉપયોગ કરી સરળતાથી તૈયાર કરી શકે છે. આ માટે અધ્યેતાએ વર્ડ ડોકયુમેન્ટમાં નિયત કોલમ અને રોવાળું ટેબલ ઈન્સર્ટ મેનુમાંથી ઈન્સર્ટ કરવાનું રહે છે. ટેબલ તૈયાર કર્યા બાદ તેમાં ટાઇટલ એડ કરી સમગ્ર ફોર્મેટ તૈયાર કરી શકાય છે. આ ફોર્મેટનો નમૂનો નીચે મુજબ છે

| તાસપાઠ આયોજન |
|---|

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge ,Rajkot )

| | | |
|---|---|---|
| **તાલીમાર્થીનું નામ :** | | **તાસપાઠ ક્રમાંક :** |
| **શાળાનું નામ :** | | **સળંગપાઠ ક્રમાંક :** |
| **વિષય:** | **રોલ નંબર :** | **શ્રેણી:** |
| **વિષયાંગ :** | **તાસ :** | **તારીખ :** |

**શૈક્ષણિક હેતુઓ:**

(1)
(2)
(3)
(4)
(5)
(6)

| અપેક્ષિત પૂર્વજ્ઞાન | |
|---|---|
| પધ્ધતિ-પ્રયુક્તિ | શૈક્ષણિક સાધન-સામગ્રી |
| | |

સંદર્ભ સાહિત્ય

| ક્રમ | લેખકનું નામ | પુસ્તક/સામયિક/ વર્તમાનપત્રનું નામ | પ્રકાશક | પાના નં. |
|---|---|---|---|---|
| 1 | | | | |
| 2 | | | | |
| 3 | | | | |
| 4 | | | | |
| 5 | | | | |

| **સોપાન** | **શૈક્ષણિક હેતુઓ** | **શૈક્ષણિક મુદ્દાઓ** | **શિક્ષકની પ્રવૃત્તિ** | **વિદ્યાર્થીની પ્રવુત્તિ** | **સંદર્ભ** |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |

<table>
<tr><td colspan="2">શ્યામફલક<br><br>વિષય : ધોરણ :<br>વિષયાંગ : તારીખ :<br><br><br><br><br>વિષય પ્રાધ્યાપકની સહી</td></tr>
<tr><td colspan="2">નિરીક્ષકની નોંધ</td></tr>
<tr><td>વિશેષતાઓ</td><td>સૂચનો<br><br><br><br><br>નિરીક્ષક પ્રાધ્યાપકની સહી</td></tr>
</table>

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

**8.2 કમ્પ્યુટરનાં સાધનોનો ઉપયોગ કરી તાસપાઠ આયોજનનો નમૂનો**

ઉપરોક્ત ફોર્મેટ વર્ડમાં બનાવ્યા બાદ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનનો ઉપયોગ કરી સંપૂર્ણ પાઠ તૈયાર કરી પ્રેઝન્ટેશન આપી શકાય છે. પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનનો ઉપયોગ કરી તાસપાઠ આયોજનનો નમૂનો નીચે મુજબ તૈયાર કરી શકાય.

**COMPUTER EDUCATION**

સૌપ્રથમ વિપયાંગને રજૂ કરવા માટે વિષયવસ્તુ અનુરૂપ સ્લાઇડ શો તૈયાર કરવામાં આવે છે. આ સ્લાળડસનુ પ્રોજેકટરની મદદથી અધ્યેતાઓ સમક્ષ રજૂ કરવામાં આવે છે.

સૌપ્રથમ વિષયાભિમુખ કરવા માટે વિવિધ ચિત્રોની મદદ લઇ સ્લાઇડ તૈયાર કરવામાં આવે છે. નીચે દર્શાવેલ સ્લાઇડમાં માહિતીઓ રજૂ કરવાની પ્રવિધીઓ દર્શાવવામાં આવેલ છે. સૌપ્રથમ કલમ અને પત્રોનો ઉપયોગ કરવામાં આવેલ ત્યારબાદ પરિવર્તનો આવતા પુસ્તક અને પેન સ્વરૂપે માહિતીઓની રજૂઆત થવા લાગી. ટેકનોલોજીનો વિકાસ થતા પેપરને બદલે લોકો કમ્પ્યુટરનો ઉપયોગ કરવા લાગ્યા. કમ્પ્યુટરમાં માહિતીની રજૂઆત કરવા માટે વિવિધ સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવે છે.

**POWERPOINT PRESENTATION**

માહિતીની રજૂઆત કરવા માટે સૌપ્રથમ ટ્રાન્સપરન્સીનો ઉપયોગ થતો ત્યાર બાદ ટેકનોલોજીનો વિકાસ થતા તેનું સ્થાન સીઆઈએ એ મેળવ્યું. માહિતીની રજૂઆત માટે 21મી સદીમાં સૌથી વધુ પ્રચલિત માધ્યમ પ્રોજેકટર છે. પ્રોજેકટરમાં રજુઆત કરવા માટે સ્લાઇડસ અગાઉથી તૈયાર કરવા પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશનનો ઉપયોગ કરવામાં આવે છે.

**INTRODUCTION OF MENU**

HOME
ACROBAT
VIEW
TYPES OF MENU
DESIGN
REVIEW
SLIDE SHOW
ANIMATION

**QUESTION ANSWER**

- પેજને ઓડુ કરવા માટે કયા મેનુનો ઉપયોગ કરવામાં આવે છે?
- પેજમાં કોઈ ફોટો મુકવા માટેકયા મેનુનો ઉપયોગ કરવામાં આવે છે?
- પેજમાં લખતી વખતે અક્ષરોનાં કદમાં ફેરફાર કરવા માટે કયા મેનુનો ઉપયોગ કરવામાં આવે છે?
- ફાઈલ સેવ થયા બાદ તેમાં કયુ એકસટેન્શન જોવા મળે ?

**HOME WORK**

પાવર પોઈન્ટ પેઝન્ટેશનનો ઉપયોગ કરી કમ્પ્યુટર શિક્ષકની લાક્ષણિકતાઓ વિષય પર પેઝન્ટેશન તૈયાર કરો.
કમ્પ્યુટરનાં એનીમેશન મેનુની સમજૂતી આપતુ પ્રેઝન્ટેશન તૈયાર કરો.
સ્લાઈડ શો મેનુની સમજૂતી આપતુ પેઝન્ટેશન તૈયાર કરો.

**Thank You!!!**

ઉપરોકત તમામ તબકકાઓ પૂર્ણ થતા એક તાસપાઠ પૂણ થાય છે. તમામ તાસપાઠનાં તબકકાઓ પાવરપોઈન્ફ પ્રેઝન્ટેશનનો ઉપયોગ કરી તૈયાર કરી શકાય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

**એકમ - 9 : સામાજિક પ્રત્યાયનમાં કમ્પ્યુટરનું મહત્વ**

**9.1 કમ્પ્યુટરનું સામાજિક પ્રત્યાયનમાં મહત્વ**

**9.2 શાળા/કોલેજ પરિચયની પીપીટી**

**9.3 શાળા/કોલેજની વેબસાઇટ**

**9.4 શાળા/કોલેજનો બ્લોગ**

**પ્રસ્તાવના :**
21મી સદીને ટેકનોલોજીની સદી અને કમ્પ્યુટર યુગ તરીકે ઓળખવામાં આવે છે. આ સદીમાં દરેક વ્યકિત કમ્પ્યુટરનો ઉપયોગ કરતા શીખ્યા છે. કમ્પ્યુટરે માનવજીવનની કાયા પલટી નાખી છે. રોજિંદાજીવનની નાનામાં નાની પ્રવૃતિ કરવા માટે પણ લોકો કમ્પ્યુટરનો ઉપયોગ કરે છે. જમવાનું મંગાવવુ, દવાઓ મંગાવવી, લાઇટબીલ ભરવુ, શિક્ષણ મેળવવુ, જોબકાર્યો કરવા, સમાચારો મેળવવા, સંબંધિઓ સાથે વાતચિત કરી સંબંધો નીભાવવા માટે પણ કમ્પ્યુટરનો ઉપયોગ થતો જોવા મળે છે. માનવીઓ પોતાના સામાજિક સંબંધો જાળવવા માટે કમ્પ્યુટરનો ઉપયોગ કરી રહયા હોય ત્યારે કમ્પ્યુટરનું સામાજિક પ્રત્યાયનમાં શું મહત્વ રહેલ છે તે જાણવુ ખૂબ જ જરૂરી બની રહયું છે.

**9.1 કમ્પ્યુટરનું સામાજિક પ્રત્યાયનમાં મહત્વ**
**માહિતીનું પ્રાપ્તિસ્થાન :**
તકનીકી માહિતીની શોધમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. વિશાળ માત્રામાં સંદર્ભસામગ્રી પ્રદાન કરે છે. ઈબૂક સંગ્રહો હજારો પાઠો પ્રદાન કરે છે. આવી સંદર્ભ સામગ્રીઓ દરેક વિષયને સમર્પિત લેખ અને જર્નલની નિશ્ચિત સંખ્યા સંશોધનને કાર્યક્ષમ અને ખૂબ લાભદાયી બનાવે છે. આ રીતે માહિતી તકનીકી સ્વાયત શીખનારના મુખ્ય ભૂમિકા નિભાવે છે. આમ માહિતી મેળવી કાર્ય કરવા માટે કમ્પ્યુટર ખૂબ જ ઉપયોગી બને છે.
**સર્જનાત્મકતા અને આત્મનિર્ભરતા :**
માહિતી અને સંદેશાવ્યવહાર તકનીકી પણ પોતાને વ્યકત કરવામાં ભૂમિકા ભજવે છે. સ્માર્ટફોન, ટેબલેટ, અન્ય ઈલેક્ટ્રોનીક ઉપકરણોમાં એકીકૃત ડીજીટલ રેકોર્ડીંગ વિધેયોથી સહાયિત, અને વિશ્વને તેઓ જે રીતે જુએ છે તે રીતે અનુક્રમણિકા કરવામાં સક્ષમ છીએ અને મૂળકાર્ય કરવા માટે જ્ઞાનના પહેલાથી હાજર સંસ્થાઓ સાથે તેમનો પોતાનો અનુભવ ઉમેરશે. ઓડીયો, વિડીયોનાં સંપાદન સોફ્ટવેર અને વેબ પર સ્વ નિર્માણ કરેલ મીડીયાને પોસ્ટ કરવાની વિવિધ રીતો સાથે ફકત માહિતીને મેળવી શકતા જ નથી પરંતુ તેના નિર્માણમાં ફાળો પણ આપી શકીએ છીએ.

**સંદેશાવ્યવહાર અને સહયોગ :**
માહિતી અને સંદેશાવ્યવહાર તકનીક, વાતચીત કરવા અને સહયોગ કરવાની વધુ તકો પૂરી પાડે છે. બ્લેકબોર્ડ જેવા લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમો સાથે, ઘણા અભ્યાસક્રમો પાસે ચર્ચાના થ્રેડો અને મંચ, ગપસપ અને વીડીયો કોન્ફરન્સમાં ભાગ લેવા માટે પણ અલગ જગ્યા હોય છે. ઓફિસ એપ્લિકેશનોમાં સહયોગી કાર્યો આપને રીવીઝન જોવા અને રીયલ ટાઈમમાં કોમેન્ટ્સ ઉમેરવાની પણ મંજૂરી આપે છે, પ્રતિસાદો રીલે કરવાની પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ બનાવે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

ઉપરોકત ઉપયોગીતાઓ સાથોસાથ સરકારી પત્રવ્યવહાર કે જે હવે ઈમેઈલ વડે કરવામાં આવે છે તેના માટે પણ કમ્પ્યુટર ઉપયોગી બની રહે છે. શાળાનાં સીઆરસીનાં પરીપત્રો, ગાઈડલાઈનો વગેરે તુરંત શાળા સુધી પહોંચાડવા કમ્પ્યુટર અને ઈન્ટરનેટનો ઉપયોગ વ્યાપક બન્યો છે. આચાર્યથી શરૂ કરી તમામ શિક્ષકો માટે પણ કમ્પ્યુટર ઉપયોગી બની રહે છે. તમામ મીટીંગ્સ અને સૂચનોઓ કોરોના જેવા સમયમાં કમ્પ્યુટરનાં માધ્યમથી જ લેવામાં આવે છે આથી કમ્પ્યુટર પ્રત્યાયનનાં સર્વસ્વિકૃત માધ્યમ તરીકે સ્વિકાર્ય બન્યુ છે.

**9.2 શાળા/કોલેજ પરિચયની પીપીટી**

કોલેજનાં પરિચય અંગે સાદશ્ય માહિતી આપતું માધ્યમ એટલે પાવર પોઈન્ટ પીપીટી એ આ ટેકનોલોજીનાં યુગમાં ખૂબ જ સુંદર માધ્યમ છે. પીપીટી દ્વારા લોકો કોલેજ વિશેની સામાન્ય માહિતી જેવી કે કોલેજ કેમ્પસ, વિઝન, મીશન, સમગ્ર વર્ષ દરમ્યાન કોલેજમાં થતી પ્રવૃતિઓ, કોલેજની માળખાકીય સુવિધાઓ વગેરે અંગે માહિતી પ્રાપ્ત કરી શકે છે.

**૭.3 શાળા/કોલેજની વેબસાઈટ**

કોલેજ વેબસાઈટમાં કોલેજ અંગેની સમગ્ર માહિતી આપવામાં આવે છે. આ વેબસાઈટ પરથી અધ્યેતાઓ કોલેજ અંગે તમામ માહિતી, એફીલીએશન, કોલેજમાં થતી પ્રવૃતિઓ, કોલેજનાં પ્રાધ્યાપકગણ વગેરેની માહિતી મેળવી શકીએ છીએ. કોલેજ વેબસાઈટ બનાવવા માટે સૌપ્રથમ ઈન્ટરનેટ કનેકશન, મેઈલ, ફોટોગ્રાફ હોવા જરૂરી બની રહે છે. વેબસાઈટ પરની માહિતી અંગે તેમના પેજ મુજબના ફોટો પરથી આપ વધુ જાણકારી મેળવી શકો છો. ફોટોગ્રાફને આધીન તમામ બાબતો વેબસાઈટ તૈયાર કરતી વખતે પેપર પર તૈયાર કરવામાં આવે છે.

શાળા/કોલેજનાં બ્લોગ

કોલેજનાં બ્લોગમાં કોલેજ અંગે સામાન્ય વિગતો નોંધવામાં આવે છે. બ્લોગ એવી રતે લખવામાં આવે છે કે જેથી વાંચનાર વ્યકિત જે તે કોલેજ અંગે માહિતી મેળવવા માટે કોલેજ કે કોલેજની વેબસાઈટની મુલાકાત લેવા પ્રેરિત થાય. બ્લોગની ભાષા થોડી અલંકૃત હોય છે જેથી લોકો કોલેજ અંગે માહિતી મેળવવા રૂબરૂ મુલાકાત લે. બ્લોગમાં કોલેજ અંગેની તમામ માહિતી સંક્ષિપ્તમાં દર્શાવવામાં આવે છે. સંક્ષિપ્તમાં તમામ માહિતીઓ સારી રીતે દર્શાવવા માટે બ્લોગ ખૂબ જ પ્રચલિત માધ્યમ બની રહયુ છે. બ્લોગ સામાન્ય રીતે અંગ્રેજીમાં લખવામાં આવે છે જેથી દુનિયાનાં કોઈપણ દેશનાં લોકો તેને સરળતાથી વાંચી માહિતી મેળવી શકે. બ્લોગ અંગ્રેજીમાં જ લખી શકાય તેવું જરૂરી નથી તે કોઈપણ પ્રાદેશિક ભાષામાં પણ લખી શકાય. આમ, બ્લોગ એ કોલેજનાં પ્રચાર માટેનું ખૂબ જ પ્રચલિત માધ્યમ બની રહયું છે. બ્લોગનો એક સામાન્ય નમૂનો નીચે મુજબ આપેલ છે.

Are You Looking For Top B.Ed. College In Gujarat?

Stop your search at shree H.N.Shukla College and believe us that you will be spending best of your years in education filed over here. In this institute the students are not only rewarded with the degree of B. Ed. that is UGC and NCTE recognized but studying inside the campus gives professional knowledge about learning extra stills and educational training that helps to gain social and educational advantages. Studying B.Ed. at Dr. Subhash college of education has multi-fold payback. Students who got a chance to study at Dr. Subhash college of education consider themselves lucky. Studying and spending two years in this institute is a lifetime experience and an opportunity where students can spend best time of theirlife by learning so many things at a time.

You do not requires to spend extra years learning other things related to education, once you enroll with shree H.N.Shukla College you will be in the side of profit after completing B. Ed. from reputed institute. The subjects taught at shree H.N.Shukla College for B.Ed. provides better understanding for

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

M. Ed. education and skills learn can be more solidified in P.G. level education course. Go and get your degree from best college of education and build a solid foundation for your future.

## એકમ - 10 : સામાજિક વૈજ્ઞાનિકોનો વ્યકિત અભ્યાસ

**10.1 સત્યન પિત્રોડા**

**10.2 લેરી પેજ**

**10.3 માર્ક ઈલિયટ ઝકરબર્ગ**

### 10.1 સત્યન પિત્રોડા

સત્યન પિત્રોડા સેમ પિત્રોડા તરીકે ઓળખાય છે. એક ભારતીય ટેલિકોમ એન્જિનિયર, શોધક અને ઉધોગસાહસિક છે. તેઓ ભારતના કમ્પ્યુટર અને આઇટી ક્રાંતિના પિતા તરીકે જાણીતા છે કારણ કે તેમણે વડા પ્રધાન રાજીવ ગાંધીને વડા પ્રધાનના સલાહકાર તરીકે કોમ્પ્યુટરાઇઝેશન લાવવામાં મદદ કરી હતી. ડો. મનમોહન સિંઘના કાર્યકાળ દરમિયાન તેઓ વડા સલાહકાર પણ હતા. તેનો જન્મ ભારતના પૂર્વ રાજય ઓડિશામાં તિતલાગમાં થયો હતો. તેમના સાત ભાઈ-બહેન હતા અને તેમાંથી તેઓ ત્રીજા છે. આ મહાત્મા ગાંધી અને તેમના દર્શનથી ખૂબ પ્રભાવિત હતું. પરિણામે, પિત્રોડા અને તેના ભાઇને ગાંધીવાદના દર્શન માટે ગુજરાત મોકલવામાં આવ્યા હતા.

**અભ્યાસ:**

તેમણે ગુજરાતના વલ્લભ વિધાનગરથી સ્કૂલનું શિક્ષણ પૂરું કર્યું અને વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી ભૌતિકશાસ્ત્ર અને ઈલેક્ટ્રોનિક્સમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરી. ભૌતિકશાસ્ત્રમાં સ્નાતકની પદવી પૂર્ણ કર્યા પછી તે 1964 માં યુનાઇટેડ સ્ટેટ્સ ગયા અને શિકાગોના ઇલિનોઇસ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાંથી ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં માસ્ટર ડિગ્રી મેળવી.

**કાર્યો અને સિદ્ધિઓ:**

1966 માં તે શિકાગોમાં જીટીઈ માટે કામ કરવા ગયા. 1975 માં તેમની ઇલેક્ટ્રોનિક ડાયરીની શોધને કારણે તેમને હાથથી પકડેલા કમ્પ્યુટિંગના પ્રારંભિક અગ્રણીઓમાંના એક તરીકે ગણવામાં આવે છે. 1974 માં, પિત્રોડા વેસકોમ સ્વિચિંગમાં જોડાયા જે પ્રથમ ડિજિટલ સ્વિચિંગ કંપનીઓમાંની એક હતી. તેમણે લગભગ 4 વર્ષમાં 580 ડી.એસ.એસ. સ્વીચ વિકસાવી. જે 1978 માં રજૂ કરવામાં આવ્યું હતું. વેસકોમ 1980 માં રોકવેલ ઇન્ટરનેશનલ દ્વારા હસ્તગત કરવામાં આવ્યું હતું, જ્યાં પિત્રોડા ઉપરાષ્ટ્રપતિ બન્યા હતા. એન્જિનિયર તરીકેના તેમના ચાર દાયકા દરમિયાન, પિત્રોડાએ ટેલિકમ્યુનિકેશન્સમાં સંખ્યાબંધ પેટન્ટ દાખલ કર્યા. પેટન્ટ્સનો નવીનતમ સમૂહ મોબાઇલ ફોન આધારિત ટ્રાંઝેક્શન ટેક્નોલોજીથી સંબંધિત છે.

તેમણે વડા પ્રધાન રાજીવ ગાંધી સાથે ભારતીય માહિતી ઉધોગના નિર્માણના નેતા તરીકે લગભગ એક દાયકો પસાર કર્યો હતો. આ કાર્ય દેશના દરેક ખૂણામાં, તેના જન્મના જેવા, દૂરના ગામો સહિત ડિજિટલ વિસ્તૃત કરવાનું હતું. પિત્રોડાએ ટેલિમેટીકસ ડેવલપમેન્ટ માટે સેન્ટર શરૂ કર્યું હતું અને પાણી, સાક્ષરતા, રોગપ્રતિકારક શક્તિ, તેલના બીજ, ટેલિકોમ અને ડેરી સંબંધિત ટેક્નોલોજી મિશન અંગે વડા પ્રધાનના સલાહકાર તરીકે કામ કર્યું હતું. તેઓ ભારતના ટેલિકોમ કમિશનના સ્થાપક અધ્યક્ષ પણ છે.

પિત્રોડા 2004 માં બીજી વખત જ્ઞાન સંસ્થાઓ અને માળખાગત સુવિધાઓ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવા ભારત પરત ફર્યા. પિત્રોડાએ દેશના જ્ઞાન સંબંધિત સંસ્થાઓ અને માળખાગત સુવિધામાં સુધારો લાવવા માટેની નીતિ ભલામણો આપવા માટે, ભારતના વડા પ્રધાનની ઉચ્ચ-સ્તરની સલાહકાર સંસ્થા, રાષ્ટ્રીય જ્ઞાન પંચ (2005,

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

2009) ના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી. તેના કાર્યકાળ દરમિયાન, રાષ્ટ્રીય જ્ઞાનપંચે 27 કેન્દ્રિત ક્ષેત્રો પર 300 જેટલી ભલામણો રજૂ કરી.
પિત્રોડાએ રાષ્ટ્રીય ઈનોવેશન કાઉન્સિલ (2010) ની સ્થાપના પણ કરી, અને માહિતીને લોકશાહીકરણ કરવામાં મદદ માટે જાહેર માહિતી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઇનોવેશન પરના કેબિનેટ પ્રધાન તરીકેના વડા પ્રધાનના સલાહકાર તરીકે સેવા આપી હતી.
પિત્રોડાએ સી-સેમની સ્થાપના કરી અને સી-સેમના અધ્યક્ષ તરીકે સેવા આપી. કંપની શિકાગોમાં સિંગાપોર, ટોક્યો, પુણે, મુંબઇ અને વડોદરામાં કચેરીઓ સાથેનું મુખ્ય મથક જાળવે છે. પિત્રોડામાં લગભગ 100 ટેક્નોલોજી પેટન્ટ છે, તે ઘણાં સ્ટાર્ટ-અપ્સ અને વ્યાખ્યાનમાં વ્યાપકપણે સામેલ છે.
પિત્રોડાએ અમેરિકા અને યુરોપમાં સીરીયલ ઉદ્યોગસાહસિક (વેસકોમ સ્વિચિંગ, આયોનિક્સ, એમટીઆઇ, માર્કેટ, વર્લ્ડટેલ, સી-સેમ, વગેરે) તરીકે પણ ઘણા વ્યવસાયો શરૂ કર્યા છે.
તેમણે સંયુક્ત રાષ્ટ્રના સલાહકાર તરીકે પણ કામ કર્યું છે અને 1992 માં, તેમનું જીવનચરિત્ર સેમ પિત્રોડા: એક જીવનચરિત્ર પ્રકાશિત થયું હતું અને પાંચ અઠવાડિયા માટે ઇકોનોમિક ટાઇમ્સની સૂચિમાં બેસ્ટસેલર બન્યું.
